શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

# ઉમિયા જ્યોત

Publisher : DILIPBHAI MANILAL PATEL UMIYA JYOT (Gujarati Monthly)

સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર

Vol.15 • Issue No. 01 • 15th January, 2026, Thursday • Pages 40 • Retail Price ₹45





# ઉમિયા જ્યોત



## અંકના સૌજન્ય દાતાશ્રી

### સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને  સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

### પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)
(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા )
જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.



શ્રી Sumiran®
WOMEN'S HOSPITAL
માતા પિતા બનવાના સફરની શરૂઆત કરો અમારી સાથે
અત્યાધુનિક સુવિધા | નવીનતમ તકનીકી અને અનુભવી ડોક્ટરોની ટીમ
IVF અને એન્ડોમેટ્રિઓસિસ સર્જરી માટે શ્રેષ્ઠ સેન્ટર
IVF CENTER
26
વર્ષનો અનુભવ
22,000+
IVF દર્દીઓની સારવાર
32,500+
લૅપ્રોસ્કોપિક સર્જરી
શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?
તો આજે જ સુમિરન હોસ્પિટલ સાથે જોડાવો
ડૉ. મેહુલ સુખડિયા
ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત IVF નિષ્ણાત એવોર્ડ 2023 માટે સન્માનિત
આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો:
+91 76220 00421
+91 76220 0042125
508, એ. શ્રીરામ એથન્સ, જઢેશ્વરી કી રાણી પાસે, શિવરાંજની, અમદાવાદ – 380015
વિપુલ દુધિયાની સામે, સ્ટેડિયમ ફાઇવ રોડ, નવરંગપુરા, અમદાવાદ – 380009

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

# ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા



**લવાજમ**

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

**પ્રકાશક - મુદ્રક**

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉમિયા જ્યોત વતી ગુજરાત ઑફસેટ, વટવા, અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.



**લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે**

‘ઉમિયા જ્યોત’ કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

# અનુક્રમણિકા



umiyamatajiunjha umiyamataunjha

# ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી



ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

## જમીન, ખેતી અને પાટીદારોની આવતીકાલ

કડવા પાટીદાર સમાજ મૂળ રીતે ખેતી સાથે અતૂટ રીતે હજારો વર્ષોથી જોડાયેલો રહ્યો છે. ખેતી માત્ર આવકનું સાધન નહોતું, તે તો પાટીદારોની જીવનશૈલી હતી, સંસ્કૃતિ હતી અને સંસ્કાર હતા. આપણા પૂર્વજો જે ધરતી પર જીવ્યા, જે ધરતી સાથે જીવ્યા અને ધરતીમાંથી જીવન ઊભું કર્યું, તે ધરતીને સાચવી રાખવાની જવાબદારી પણ તેમનો વારસો મેળવનાર આપણી સૌ પાટીદારોની છે.

પાટીદારોની ખેતી સંસ્કૃતિનો સૌથી મહત્ત્વનો આધારસ્તંભ હતો, ઋણ ચૂકવવાની ભાવના. જે ધરતીએ જીવન આપ્યું, જે ધરતીથી જીવન ચાલ્યું, જે બળદો વડે ખેતી કરી, તેના ઋણનો સ્વીકાર કરવો, અને શક્ય હોય ત્યાં સુધી તે બળદ અને ધરતીનું ઋણ અદા કરવું, એ પાટીદાર સંસ્કૃતિનો મર્મ હતો.

ખેડૂતો પોતાના ખેતીકામમાં મદદ કરનાર બળદને, જ્યારે તે વૃદ્ધ થઈ જાય અને ચાલવા અસમર્થ બને, ત્યારે પણ ત્યજી દેતા નહોતા. તેની માવજત કરતા, આંતરિયાળ જગ્યાએ જઈને પણ પાણી પાતા, તેની ઉપર છાંયો કરતા અને અંતિમ શ્વાસ સુધી તેની સેવા કરતા. એ જ રીતે, આખી જિંદગી દૂધ આપી કુટુંબનું પાલનપોષણ કરનાર ગાય કે ભેંસ વૃદ્ધ થાય ત્યારે તેને ભાર સમજીને દૂર ન કરવામાં આવતી; પરંતુ આદરપૂર્વક જાળવવામાં આવતી. કારણ એક જ હતું જેણે આપ્યું છે, તેનું ઋણ ચૂકવવું.

આ જ ભાવના ધરતીમાતા પ્રત્યે પણ હતી. ધરતી માત્ર જમીન નહોતી; તે માતા હતી. હજુ હમણાં સુધી પાટીદારો મોસમનો પહેલો વરસાદ થાય ત્યારે જમીન ખેડવા લાયક વરાપ થાય ત્યારે હળોતરાનો તહેવાર ઉજવતા અને કંકુ ચોખાથી ધરતીનું પૂજન કરતા. ધરતીનું પૂજન કર્યા બાદ હળથી પહેલો ચાસ કરતા. બળદથી જમીન ખેડતા. આ પાટીદાર સંસ્કૃતિ છે.

આ સંદર્ભે વ્યક્તિગત અનુભવ અહીં રજૂ કરું. એક દિવસ મારી માતાએ મને કહ્યું, “ચાલ, આપણે ખેતરે જઈએ.” મારી માતા મારી બાઈક ઉપર બેસીને ખેતરે આવી. દોઢ-બે કલાક સુધી ખેતરમાં બેઠી રહી. દોઢ વેતના ઘઉંના પાક વચ્ચે બેઠી, ખીજડાનો અડધો છાંયો અને અડધો તડકો હતો. હું કહેતો રહ્યો - “બા, હવે એક વાગ્યો, ઘેર જઈએ.” પરંતુ તેઓ થોડી વાર વધુ બેઠાં રહ્યા.

પછી ઊભા થયા. નીચેની ધરતીને હાથથી સ્પર્શ કર્યો, તે હાથ પોતાના માથે ચડાવ્યો. એમ બે-ત્રણ વાર ધરતીમાતાને વંદન કરીને બોલ્યા.

“હે ધરતીમાતા તે અમને બહુ આપ્યું. આખું જીવન અમારું પાલનપોષણ કર્યું. હવે ફરી તારા દર્શને આવી શકાય કે ન આવી શકાય.”

હું નિર્વાક બની સાંભળતો રહ્યો. ઘેર આવીને મેં પૂછ્યું, “બા, આવું કેમ કર્યું ?”

માત્ર હસી ને બોલ્યા – “એમ જ.”

આ વાત મેં મારી પત્નીને પણ કહી. આશ્ચર્યજનક રીતે, લગભગ પંદર દિવસ પછી મારી માતાને લકવો પડી ગયો, ચારેક મહિના પછી થોડું ચાલવા લાગ્યા, હરતાં ફરતાં થઈ ગયા, પરંતુ ફરી ક્યારેય ખેતરે જઈ શક્યા નહીં. ત્યારે મને આજે સમજાયું કે એને કોઈ પ્રેરણા થઈ હોય કે અણસાર આવી ગયો હોય તે કારણે તે ધરતી માતાનું ઋણ સ્વીકાર કરવા પહોંચી હોય એવું મને આજે લાગે છે.

આ મારી માતાની કોઈ વ્યક્તિગત વાત નથી. આ તો પાટીદાર સંસ્કૃતિ છે. એ આખી પાટીદાર સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ હતી. આ સમગ્ર પાટીદાર માતાઓની વાત છે. આ પાટીદાર સંસ્કૃતિની વાત છે. કે જેણે આપ્યું એનો ઋણ સ્વીકાર કરવો. પાટીદારોનો ધરતી સાથેનો નાતો પેઢી દર પેઢીનો રહ્યો છે. પાટીદારોએ તો ધરતીના છોરું છે. એ ધરતી માતાએ એમને સાચવ્યા અને એમણે ધરતીને સાચવી તેમ એકબીજાને પૂરક બનીને આખું નવજીવન ઊભું કર્યું. હવે સમય બદલાયો છે. ખેતીમાંથી ભરણપોષણ કરવું મુશ્કેલ બન્યું છે. જમીનો ટૂંકી થતી ગઈ છે, કટુંબો વધ્યા છે, ખર્ચ વધ્યો છે. પરિણામે પાટીદાર સમાજનો મોટો ભાગ વેપાર, ઉદ્યોગ, નોકરી કે અન્ય વ્યવસાયોની દિશામાં જતો રહ્યો છે. આજની પરિસ્થિતિમાં અંદાજે ૫૦% જેટલા પાટીદારો જ ખેતી આધારિત છે, જ્યારે ૫૦% થી વધુ પાટીદારો ખેતી અને પશુપાલન છોડીને અન્ય ક્ષેત્રોમાં સ્થિર થયા છે.

આ બદલાવ સ્વાભાવિક હતો. પરંતુ સાથે સાથે સત્ય એ પણ છે કે આજના ઉદ્યોગો, ધંધાઓ અને શહેરો સૌને લાંબા ગાળે રોજીરોટી આપી શકશે કે નહીં. એ પ્રશ્ન આવી રહ્યો છે. શહેરો વિસ્તરે છે, પરંતુ જમીન ઘટે છે. બીજી તરફ, માનવજાતને અન્નની જરૂર તો ક્યારેય ઘટવાની નથી.

આજના સમયમાં કહેવાય છે –

“ઉત્તમ નોકરી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ખેતી.”

પરંતુ આવનારા ૨૦-૨૫ વર્ષ પછી કદાચ પરિસ્થિતિ ફરી બદલાઈ શકે છે. ત્યારે ફરી એકવાર જૂની કહેવત સાચી સાબિત થઈ શકે – “ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી.”

જેની પાસે જમીન હશે, જે ધરતી સાથેનો નાતો તોડી નાંખશે નહીં, તે આવતીકાલમાં પોતાનું જીવન વધુ સ્થિર રીતે જીવી શકશે. જમીન માત્ર વેચી નાખવાની સંપત્તિ નથી; તે આવતીકાલની સુરક્ષા છે અને આપણી સંસ્કૃતિની ધરોહર છે.

ઉમિયા માતાજીના આશીર્વાદથી કડવા પાટીદાર સમાજ હંમેશા સમય સાથે બદલાતો આવ્યો છે. પરંતુ બદલાવ સાથે જો ધરતી પ્રત્યેનો આદર અને ઋણભાવ જીવંત રાખીશું, તો જ આપણી સાચી ઓળખ ટકી રહેશે. જે પાટીદારો જમીનને સાચવશે તે પાટીદારોને જમીનો સાચવશે, એ પણ એટલું જ સાચું સાબિત થશે. માટે પાટીદારો જમીનો સાચવી રાખો, એ જમીનો તમને સાચવશે, તમારા પૂર્વજોએ જે જમીનો આજ દિવસ સુધી સાચવી રાખી હોય તો એ જમીનો તમે સાચવી રાખો. જમીનોને તમે વેચશો નહીં.

પ્રશ્ન માત્ર એટલો છે –

આપણે આવતીકાલ માટે જમીન બચાવી રહ્યા છીએ કે માત્ર આજ માટે વેચી રહ્યા છીએ ? જરા વિચારજો.

# વિભાગ : ૧ ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

## મા ઉમાના ત્રિશક્તિરહસ્યમાં રૌદ્રીશક્તિનું ચરિત

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

### વરાહમહાપુરાણમાં ઉમિયા માતાજીની કથા



આ કથામાં મા ઉમાનું ત્રિવિધ-સ્વરૂપ-ચરિત્ર વર્ણન કરવામાં આવ્યું છે; જેમાં રુદ્રની તમો-ગુણથી ઉત્પન્ન રૌદ્રી; જેનાં અન્ય બે સ્વરૂપ એટલે કાલરાત્રિ અને ચામુંડા.

જગતનું પાલન કરવાની ઈચ્છાથી રુદ્ર-શક્તિ રૌદ્રી નીલપર્વત પર તપ કરવા ગઈ. આ ઉદ્દેશથી તેણે ઘણા વર્ષો સુધી 'પંચાગ્નિ'ની સાધના કરી. (સાધકે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ગાર્હપત્ય, આહ્વનીય, દક્ષિણ, સભ્ય અને આવસથ્ય - આ પંચાગ્નિનું સેવન કરવું પડે છે; પંચાગ્નિને સાધવો કે તપવો એ એક કઠિન તપ છે.)

સમુદ્રમાં વિપુલ રત્નોથી યુક્ત 'મહાવન' નામનું નગર હતું; જેમાં બ્રહ્મા દ્વારા વર પ્રાપ્ત કરેલ, દેવોને અત્યંત ભય પમાડનાર, ઐશ્વર્યસંપન્ન દૈત્યેન્દ્ર રુરુ એ નગરનો રાજા હતો. તે અસંખ્ય અસુરોનું સૈન્યબળ ધરાવતો હતો. તે દૈત્યેન્દ્ર લોકપાલો (દેવો)ને જીતી લેવાની ઈચ્છાથી સજ્જ થઈ યુદ્ધ કરવા પોતાના નગરમાંથી સૈન્ય સાથે નીકળ્યો ત્યારે સાગરનાં જળ ખળભળી ઉઠ્યાં. સાગરના અનેક જીવો સહિત જળે પર્વતોના શિખર પ્રદેશોને ડુબાડી દીધા.

આ રુરુ દૈત્ય સમુદ્રમાં રહેલા અનેક દૈત્ય સમૂહો સાથે વિચિત્ર પ્રકારનાં આયુધો, કવચો અને સુવર્ણથી યુક્ત ચતુરંગ સૈન્ય (હસ્તિદળ, અશ્વદળ, રથદળ અને પાયદળ) સાથે બહાર નીકળ્યો. આ સૈનિકો ઈન્દ્રના નગર ભણી કૂચ કરી દેવો સાથે યુદ્ધ કરવા લાગ્યા; જેમાં દૈત્યો પાસે મુદ્ગર, ભયંકર મુસલ, બાણ અને દંડનાં આયુદ્ધ હતાં. આ આયુધોથી અસુરો અને દેવોએ પરસ્પર અનેકનો નાશ કર્યો. આ અલ્પકાળના યુદ્ધમાં અસુરોએ ઈન્દ્ર સહિત દેવોને જીતી લીધા. હારી જવાથી દૈત્ય રુરુ ભાગેલા દેવો પાછળ પડ્યો. ભયથી કાંપતા સર્વ દેવગણો નીલપર્વત પર તપમાં મગ્ન ઉત્તમ તામસી શક્તિરૂપ દેવી પાસે પહોંચ્યા. સર્વ પ્રાણીઓમાં મહાભયંકર અને સર્વનો સંહાર કરનારાં એ દેવીને 'કાળરાત્રિ' કહેવામાં આવે છે. નવરાત્રિના આસો સુદ સાતમે કાલરાત્રિની ઉપાસના થાય છે; જે આપણી આધ્યાત્મિક સંસ્કૃતિના રહસ્યને ઉજાગર કરે છે.

કાલરાત્રિએ દેવોને ભયભીત થવાનું કારણ પૂછ્યું. દેવોએ જણાવ્યું કે 'દૈત્યેન્દ્ર રુરુથી દેવો ભય પામ્યા છે; તો તેનાથી રક્ષા કરો.' એમ જાણી કલ્યાણ કરનારાં તે દેવીએ આશ્વાસન આપી, પ્રસન્ન થઈ હસવા લાગ્યાં. તેમના હાસ્યથી મુખમાંથી અસંખ્ય દેવીઓ બહાર નીકળી આવી. એ વિકૃત દેવીઓથી સકળ વિશ્વ વ્યાપ્ત છે. પાશ, અંકુશ, ધનુષ, બાણ અને ભયંકર ત્રિશૂળ ધારણ કરેલી તે દેવીઓ રૌદ્રીને વીંટળાઈને ઊભી રહી. દેવીના સૈન્યની કુમક (મદદ) મળવાથી દેવતાઓ અને કાળરાત્રિના સૈન્યે દાનવસૈન્યને યમધામ મોકલી આપ્યું. માત્ર હવે મહાદૈત્ય એકલો જ રહ્યો.

રુરુએ મહાભયંકર રૌરવી માયાનો વિસ્તાર કરવાથી વિમોહિત દેવો નિદ્રામાં પડ્યા. આ જોઈ કોપાવિષ્ટ દેવીએ તે દૈત્યને ત્રિશૂળનો પ્રહાર કરી તેના બે ટૂકડા કરી નાંખ્યા. તેના ધડ

અને માથાને દેવીએ ધારણ કરવાથી રૌદ્રીદેવી 'ચામુંડા' નામથી ખ્યાતિ પામ્યાં. મહાભાગ્યશાળી રૌદ્રીને વીંટળાઈને ઊભેલી અસંખ્ય અવ્યગ્ર ચિત્તવાળી, ક્ષુધાતુર દેવીઓ દેવીની પાસે ભોજન માટે યાચના કરવા લાગી.

રૌદ્રીદેવી પાસે ભોજન આપવા માટે કંઈ મળ્યું નહીં એટલે સર્વવ્યાપક પશુપતિ મહાદેવનું દેવીએ ધ્યાન ધર્યું, ત્રિનેત્ર સદાશિવ દેવી વરારોહા સમક્ષ ઉપસ્થિત થઈ ઈચ્છા જણાવવા કહ્યું. દેવીએ કહ્યું કે આ અનુચરીઓને ભોજન નહીં મળે તો તેઓ બળપૂર્વક મને પણ ખાઈ જશે !

મજાની વાત તો એ છે કે શિવજીએ 'મનુષ્યમાં રહેલા દોષોને બલિરૂપે ગ્રહણ કરી અનેક વર્ષો સુધી આનંદ પામતી રહે' એવું ભોજન આપવા જણાવ્યું. જેમ કે સગર્ભા સ્ત્રી અન્ય સ્ત્રીએ પહેરેલ વસ્ત્રો પહેરે. અન્ય પુરુષને સ્પર્શ કરે, મૂર્ખ માણસોમાં રહેલા દોષોમાં પ્રવેશ, સૂતિકા (સુવાવડી)ના ઘરમાં થતા સ્પર્શાસ્પર્શના દોષો ગ્રહણ કરે, ચોર-સ્ત્રીઓના દોષોનો ઉપભોગ તેમજ કેટલીક અનુચરીઓએ પ્રેતાત્માની જેમ વાસના સંતોષવા ઘર, ક્ષેત્ર, તળાવ, ઉદ્યાનો, ઉપવનોમાં અન્ય પુરુષોમાં આશક્ત ચિત્તવાળી નિત્ય વિહ્વળ થઈ શરીરમાં પ્રવેશી તૃપ્ત થશે. પુરાણકારનો ઉદ્દેશ તો માણસના દોષોને દૂર કરી શુદ્ધ અને પવિત્ર આચરણ દ્વારા માણસના જીવનનું કલ્યાણ અને ઉન્નતિનો છે.

અસુરેન્દ્ર રુરુને સૈન્ય સહિત યુદ્ધમાં રુદ્ર હણાયેલો જોયો ત્યારે ત્રિલોચન ભગવાન શિવે દેવીનું વિવિધ સ્વરૂપોનું નામ-સંકીર્તનરૂપ સ્તોત્રની રચના કરી તેનું મહિમાગાન પણ કર્યું. આ સ્તોત્ર દ્વારા જે આપની સ્તુતિ કરશે તેને આપ વરદાન આપનારાં થાઓ. એવો ભક્ત પુત્ર, પૌત્ર, અને પુશુઓના ઐશ્વર્યને પ્રાપ્ત કરશે. સર્વ પાપોથી મુક્ત થઈ શ્રેષ્ઠ સ્થાનને પામશે.

એટલું જ નહીં દેવીની આ ત્રણ પ્રકારની શ્રેષ્ઠ ઉત્પત્તિને જે મનુષ્ય જાણે છે તે કર્મના બંધનમાંથી મુક્ત થઈ મોક્ષ પામે છે. ભ્રષ્ટ રાજા રાજ્ય પ્રાપ્ત કરે છે. પુરાણકારે આ કથામાં રુદ્ર શિવનું સર્વ કલાઓથી યુક્ત મહાત્મ્યગાન કર્યું છે. આમેય શિવ-શિવાનો અર્થ જ કલ્યાણ થાય છે.

'एकं सत् विप्रा बहुधा वदन्ति' (વિદ્વાનો એક જ બ્રહ્મને અનેકરુપે કહે છે.) એ વૈદિક વાક્યનો પુરાણકાર અહીં વિસ્તાર કરે છે. જેમ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જગતની વ્યવસ્થાના ભાગરૂપે એકમાત્ર બ્રહ્મનાં સ્વરૂપો છે, એમ બ્રાહ્મી, વૈષ્ણવી અને રૌદ્રી જે પરમાત્માની એક જ શક્તિ પ્રયોજનના ઉદ્દેશથી ત્રણ સ્વરૂપોમાં પ્રગટ થયેલી છે. અજ્ઞાનને કારણે અનેક શક્તિઓ તરફ વિભાજિત સમાજને એક જ શક્તિ કે પરમાત્મા તરફ પ્રેરી એકતા, સમતા અને સમત્વનો સંદેશ આપ્યો છે.

**સંદર્ભ :**

❖ અનુ. શ્રી વાસુદેવ એમ.જોશી, વરાહમહાપુરાણ, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ - ૨૦૦૩, અ. ૯૬)



*ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ*

# કડવા પાટીદારોના બંધુકા વિવાહ અને ગોળ પ્રથા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

## કડવા પાટીદારોના બંધુકાવિવાહ અને ગોળપ્રથા

ઊંઝા સ્થાનિક આગેવાનો અને માતાજીના પૂજારી બ્રાહ્મણો અંગ્રેજ સરકાર કે ગાયકવાડ સરકારના નિયમોનું પાલન કરતા નથી !! તેઓએ ફરીને દસવર્ષીય લગ્નની તિથિ કાઢી, માતાજીમાંથી લગ્નો લઈને લગ્નીઆ છૂટ્યા. પણ વિ.સં. ૧૯૫૫થી જ વરસાદ અનિયમિત થઈ ગયો હતો. વિ.સં. ૧૯૫૬માં કારમો દુષ્કાળ પડ્યો હતો. લગ્નો વધારનારા પણ વિમાસણમાં મુકાઈ ગયા. લગ્નોના ખર્ચા જોગ તો ઠીક પણ પેટનું પોષણ કરવાનાં પણ ફાંફાં હતાં. આ સંજોગોમાં વિ. સ. ૧૯૫૬માં બંધુકાવિવાહ આપોઆપ સ્વયંભૂ બંધ રહ્યા. વિ.સં. ૧૯૫૭ના વૈશાખમાં આ મુલત્વી રહેલા બંધુકાવિવાહ થયા. આ બંધુકાવિવાહ અગાઉ પાલડી-સેવાળા-કંસારાકૂઈ-ટુંડાવ-ઉદલપુર-રણછોડપુરા-દાસજ-સરદારપુરા-જાસ્કા-કાંસા-કમાલપુર-ઉમતા-વડુ-ઑગૉળ-ઓહાલપુર અને સિંહી વગેરે ગામોના કડવા પાટીદારોના આગેવાનો ઊંઝા શ્રીઉમિયામાતાજીના સાંનિધ્યે ભેગા મળ્યા. આ સર્વેએ પોતાને અનુકૂળ એવા ઠરાવો કરી બીજો બાવનનો સમાજ બાંધ્યો. પાટણવાડાના બૃહદ કડવા પાટીદાર સમાજમાંથી આ વર્તુળ અલગ પડ્યું. આમ ધીરે ધીરે અલગ અલગ સમાજ વર્તુળો રચાવાના કારણે પાટણવાડા બૃહદ કડવા પાટીદાર સમાજ મર્યાદિત ગામોનો બનતો ગયો.

વિ.સં. ૧૯૫૭ના બંધુકાવિવાહ પહેલાં પડેલા છપ્પનિયા દુષ્કાળને કારણે સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિને કારમી અને કપરી ભીંસ અનુભવવી પડી હતી. સમાજ આર્થિક રીતે પડી ભાંગ્યો હોઈ ચાંલ્લા-કરિયાવર વગેરે ભૂલી જવાયું. મોટા ભાગના જ્ઞાતિજનોએ પોતાની પુત્રીઓને ફૂલના દડા સાથે પરણાવી. પણ પુત્રોને પરણાવવા ફૂલની દડીની કોઈ જોગવાઈ નહીં હોવાને કારણે ઘણા સંપન્ન માણસોના પુત્રો પરણી શક્યા નહીં. અમદાવાદમાં બંધુકાવિવાહનું લગ્ન વધાવનારાઓમાં પણ હવે આ દશવર્ષીય લગ્નો પરત્વે શંકાકુશંકા થવા લાગી. વિદ્યાકીય વાતાવરણ પ્રબળ બનતું ગયું હોઈ નવા વિચારો ધીરે ધીરે વિસ્તરતા જતા હતા. આ લગ્નો માતાજી પોતે કાઢતાં નથી પણ ઊંઝાના સ્થાનિક લગ્ન કાઢનારા પટેલો અને માતાજીના પૂજારીઓ કાઢે છે તેની ધીરે ધીરે પોકળો ખૂલવા માંડી. ધીરે ધીરે જનમાનસમાં જાગૃતિ આવતી ગઈ.

વિ.સં. ૧૯૫૭ના બંધુકાવિવાહ પછી જાગૃતિ અને નવસંચારનો પવન ફૂંકાયો. વિરમગામના કુમારશ્રી લાલસિંહજીએ પોતાના દરબાર હૉલમાં સંવત ૧૯૬૩ના ફાગણ વદ-૧ના દિવસે જ્ઞાતિની સભા બોલાવી. જેમાં જ્ઞાતિના



ખ્યાતનામ બુદ્ધિજીવીઓને બોલાવવામાં આવ્યા. સુધારાવાદી ચર્ચાઓ ચાલી. જ્યારે સુરત જિલ્લાના કડવા પાટીદારોએ રાંદેરના કુરુક્ષેત્ર મહાદેવમાં તા. ૨૬-૨-૧૯૦૮ના રોજ સભા બોલાવી. પ્રાચીન રિવાજો દૂર કરીને જ્ઞાતિજનોમાં જાગૃતિ આણી.

ગાયકવાડ સરકારે બાળલગ્ન પ્રતિબંધક કાયદો કર્યો. જેમાં આવતા બંધુકાવિવા દરમ્યાન ૧૨ વર્ષની કન્યાની વય અને ૧૬ વર્ષની વરની વય ન થઈ હોય તેવાં બાળકો પરણાવી ન શકાય તેવો કાયદો કર્યો. તેથી ૪૫ દિવસથી ૧૧ વર્ષની વયના તમામ વરઘોડિયાંનાં લગ્નો બંધ રહે તો બંધુકાવિવાહ આપોઆપ અટકી જાય. 'શ્રી કડી પ્રાંત ખેડૂત સમાજે' આ કાયદાનો વિરોધ કર્યો પણ આ સંસ્થા જ પોતે અટકી પડી. જ્ઞાતિનાં નવાં સામયિકો શરૂ થયાં. તેણે લોકોમાં નવી ચેતનાનો સંચાર કર્યો.

કચ્છ કડવા પાટીદાર સમાજ જે છેલ્લાં ૪૦૦ વર્ષોથી અજ્ઞાન દશામાં હતો ત્યાં પણ નવજાગૃતિ અને સુધારાનું વાવાઝોડું ફૂંકાયું.

જોતજોતામાં વિ.સં. ૧૯૬૬ના બંધુકાવિવાહનું વર્ષ નજદીક આવતું ગયું તેમ તેમ વાતાવરણમાં નવી ગરમી આવવા માંડી. જ્ઞાતિજનો ચર્ચાને ચગડોળે ચઢ્યા. જૂની વિચારધારાવાળા અને નવા વિચારોવાળા એમ બે જૂથો વચ્ચે સંઘર્ષો થવા માંડ્યા.

ઊંઝાનાં લગ્ન કાઢનારાઓમાં પણ બે પક્ષ પડ્યા તો અમદાવાદનાં લગ્ન વધાવનારાઓમાં પણ બે જૂથો પડ્યા. જૂની-નવી વિચારધારાવાળા આ સર્વે શ્રી ઉમિયા માતાજીના મંદિરે લગ્ન કાઢવા ધાંધલ કરવા માંડ્યા. ગાયકવાડ સરકારે સુલેહભંગ ન થાય તે માટે શ્રી ઉમિયામાતાજીના મંદિરે તા. ૮-૫-૧૯૧૦ના રોજ પોલીસચોકી મૂકી. અમદાવાદનાં લગ્ન વધાવનારાના બે પક્ષો જુદાં જુદાં બે લગ્નો લઈ અમદાવાદ આવ્યા. આ બન્ને જૂથોએ જુદી જુદી તિથિઓના લગ્નો વાંચ્યાં. લશ્કરી શેઠના સુધારાવાદી જ્ઞાતિજનોએ વિ.સં. ૧૯૬૬ના મહા સુદ- ૧ના દિવસે માતાજીમાંથી કાઢેલી લગ્નપત્રિકા વાંચી. જેમાં ચાલુ વર્ષના ચૈત્ર સુદ-૧૦નું તથા માંડવ રાત્રીનું અને વિ. સં. ૧૯૭૧ના બીજા વૈશાખ સુદ-૧૦નું લગ્ન એમ બે પાંચ પાંચ વર્ષનાં લગ્નો જાહેર કર્યાં. જ્યારે જૂની વિચારધારાવાળાએ ઊંઝાના મહાકાળેશ્વરના મંદિરમાંથી કાઢેલું લગ્ન મહા સુદ-૫ના દિવસે જાહેર કર્યું. જેમાં વૈશાખ સુદ-૧નું લગ્ન તથા સુદ-૧૧ની માંડવ રાત્રીનું લગ્ન વાંચવામાં આવ્યું. અમદાવાદના જ્ઞાતિજનો વિમાસણમાં મૂકાયા. કયું લગ્ન સાચું ગણવું ? સુધારાવાદી વિચારકોએ પવન ફેલાવ્યો કે આ લગ્નતિથિ નક્કી કરવાનું કામ માતાજી નહિ પણ સ્વાર્થસાધુ હક્કદાર માણસો પોતાની મરજી મુજબ કરે છે. બન્ને પક્ષોનાં લગનિયાં પોતાની વાતનો કક્કો ખરો કરવા નામદાર પાટડી દરબાર પાસે ગયા. પાટડી દરબારે જ્ઞાતિજનોના આગેવાનોની સભા બોલાવી. આ આગેવાનો તા. ૨૬-૨-૧૯૧૦થી તા. ૨-૩-૧૯૧૦ સુધી પાટડીમાં રહ્યા, પણ કોઈ સંતોષકારક પરિણામ ન આવ્યું. તેથી નામદાર દરબારશ્રીએ છૂટા પડી સ્વતંત્ર થવા જેવો ચુકાદો આપ્યો.

સુરત-નવસારી વિભાગના પાટીદારોએ અમદાવાદના કડવા પાટીદારોએ પ્રસિદ્ધ કરેલાં બે માંથી એક પણ લગ્નોનો સ્વીકાર ન કરતાં, પોતાનાં ગામોની સભા બોલાવી, જ્યોતિષીઓ પાસે નવું વૈશાખ સુદ-૮નું લગ્ન કાઢ્યું અને બીજું લગ્ન ફરી પાંચ વર્ષે આ જ પ્રમાણે કાઢવા ઠરાવ્યું.



જ્યારે માળવા-નિમાડ-કચ્છ કાઠિયાવડ અને ઉત્તર ગુજરાતમાં પરંપરાગત રીત પ્રમાણેનું બંધુકાવિવાહનું મુહૂર્ત સ્વીકારવામાં આવ્યું. આ બધા વિસ્તારોમાં વૈશાખ સુદ-૧નું લગ્ન અને સુદ-૧૧ની માંડવરાત્રીનું લગ્ન સ્વીકારાયું. વિ. સં. ૧૯૬૬ના વૈશાખ સુદ-૧ના બંધુકાવિવાહ પહેલાં ગોરાદ-વીરતા-સમીસા-ભલગામ-પિલુદરા-બ્રાહ્મણવાડા-વિશોળ-સુણોક-પાલોદર-જેતલવાસણા વગેરે ગામોના આગેવાનો શ્રી ઉમિયામાતાજીના પરિસરમાં ભેગા થયા. તેઓએ પોતાના આગવા ઠરાવો કરી ચોરાશી ગોળનો સમાજ બાંધ્યો. આ બંધુકાવિવાહ દરમ્યાન તેઓ વરઘડિયાનાં લગ્નો પોતાના ગોળમાં જ કર્યાં. પાટણવાડા બૃહદ કડવા પાટીદાર સમાજનાં જુદાં જુદાં અનેક વર્તુળો સર્જાયાં. તો ક્યાંક રડ્યાંખડ્યાં ગામોના કડવા પાટીદારો કોઈ ગોળમાં નહોતા જોડાયા તેઓ વિમાસણમાં મૂકાયા.

વિ.સં. ૧૯૬૬ના પરંપરાગત બંધુકાવિવાહ થયા પછી ગાયકવાડ સરકારે પોતાના તાબાનાં ગામોમાં જ્યાં જ્યાં બાળલગ્નો થયાં હતાં તેઓની યાદી બનાવી. લગભગ ઘર દીઠ બાળલગ્નો થયાં હતાં. લગ્નપદ્ધતિ જ એ પ્રકારની હતી જેથી સંપૂર્ણ બધાં જ લગ્નો બાળલગ્નો હતાં. આ બાળલગ્નો કરનાર તમામના પિતાઓને દંડ ફટકારવામાં આવ્યો. જ્ઞાતિજનો ગભરાઈ ગયા. સુધારાવાદીઓ કહેવા લાગ્યા, 'તમને માતાજી કેમ દંડમાંથી ઉગારવા ન આવ્યાં ?' ગાયકવાડ સરકારે દરેક લગ્ન દીઠ ત્રણ રૂપિયા દંડ કર્યો હતો. દરેકે આ દંડ કોઈ પણ પ્રકારની આનાકાની વિના ભરી દીધો. આ લેખની મહત્ત્વની માહિતી આપનાર સ્વં. ત્રિભોવનભાઈ જેકાભાઈ પંખીઆ(દેણપવાળા)ને પણ ત્રણ રૂપિયાનો બાળવિવાહ કરાવવા પેટે દંડ થયો હતો. જે દંડ તેઓએ તુરંત જ ભરી દીધો હતો.

વિવાહ વીત્યા પછી ચકડોળે ચઢેલો મહાસાગર શાંત પડ્યો ત્યારે વડોદરામાં સુધારાવાદીઓએ જંબુસરના સબ-જજ અને સ્વ-જ્ઞાતિના કરસનદાસ દેસાઈની અધ્યક્ષતામાં ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર, ૧૯૧૦માં સભા ભરી. આ સભામાં નામદાર ગાયકવાડ સર સયાજીરાવ મહારાજા ઉપસ્થિત રહ્યા હતા. સમાજ તરફથી ના. ગાયકવાડને માનપત્ર આપી બાળલગ્ન પ્રતિબંધક કાયદો વધુ ને વધુ કડક બનાવવા માગણી કરવામાં આવી. બાળલગ્નોની મરણવશ થયેલ રૂઢિને આ મરણતોલ ફટકો હતો. આને કારણે બંધુકાવિવાહની જૂની પરંપરા તૂટી પડવાની પૂરેપૂરી સંભાવનાઓ ઊભી થઈ.

જોતજોતામાં વિ.સં. ૧૯૭૬નું બંધુકાવિવાહનું વર્ષ આવી પહોંચ્યું. ગાયકવાડ સરકાર અંગ્રેજ સરકારની પૂરેપૂરી તકેદારી હતી. તેમ છતાં લગ્ન છોડવાની તૈયારી કરવામાં આવી. એક વખતના કડવા પાટીદાર સમાજના આગેવાન થોભણદાસના પુત્ર બાજીદાસના પુત્ર શામળદાસે માતાજીના મંદિરમાં આખા ખીજડાનો માણેકથંભ બનાવ્યો. સરકારની ચાંપતી નજર હતી. ગાયકવાડ સરકારે મંદિરમાં પોલીસચોકી મૂકી. કોઈ લગ્ન કાઢવા માટે મંદિરમાં ન આવી શકે તેની તકેદારી રાખી. ખુદ ઊંઝા મોલ્લોત કુટુંબ બે પક્ષોમાં વહેંચાઈ ગયું. એક જૂથ સુધારાવાદી વિચારધારાને પક્ષે રહ્યું, તો બીજું પરંપરાગત વિચારધારાને વળગી રહ્યું. દેણપ ગામે ભાણેજ તરીકે રહેતા અને મૂળ ઊંઝાના માધાભાઈ કનકાભાઈ મોલ્લોત અને માધાભાઈ દ્વારકાભાઈ મોલ્લોત આ બંધુકાવિવાહના વિરોધ માટે દેણપથી ઊંઝા આવ્યા



હતા. સુધારાવાદીઓએ ગુપ્ત રીતે વિચાર કર્યો કે આ વખતે તો માતાજીના પરિસરમાં રોપેલ માણેકથંભ જ લગાડી મૂકો. આ માણેકથંભ લગાડી મૂકવાના ઈરાદાથી માધાભાઈ દ્વારકાદાસે પોતાના દીકરા હીરાને નિસરણી મૂકીને મંદિરની શોભા વધારનારી દુર્ગસમી દીવાલ ઉપર ચઢાવ્યો. દીકરો હીરો મંદિરમાં ગોઠવાયેલી પોલીસ જોઈને ચોંકી ગયો. તેણે નીચે ઊતરી પિતા પાસે જઈને સઘળી હકીકત જણાવી. પિતાએ પોતે નિસરણી પર ચઢીને માણેકથંભ પર કેરોસીન રેડીને માણેકથંભ લગાડી મૂક્યો. ગામોગામ એવી વાતો પહોંચી ગઈ કે, 'આ બંધુકાવિવાહ વખતે માતાએ કોપ કર્યો, માતાએ કોપ કર્યો.' જૂની વિચારધારાવાળાનાં મન હવે ઢીલાં પડ્યા. સુધારાવાદીઓ અતિ ઉત્સાહમાં આવી ગયા. સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં આ 'બંધુકાવિવાહ' દરમ્યાન લગ્નતિથિ ન આવવાથી મૂંઝવણ ઊભી થઈ. કચ્છ, કાઠિયાવાડ, માળવા, ઉ. ગુ.ના ઘણા લોકોએ લગ્ન આવવાની રાહ જોઈ, પણ લગ્ન આવ્યું જ નહીં. આખરે માતાજીના કોપ કર્યાની વાત કચ્છ, કાઠિયાવાડ, માળવા, દક્ષિણ ગુજરાતમાં પ્રસરી ગઈ. આ વર્ષે બંધુકાવિવાહ બંધ રહ્યા. જ્યારે વિ. સં. ૧૯૭૮ના વર્ષે છેલ્લા 'બંધુકાવિવાહ' થયા. જેમાં પરંપરાગત વિચારધારા ધરાવનારાં ગામોના આગેવાનો ભેગા થયા. ઊંઝા-દાસજ-ગંગાપુરા-બિલિયા-કુંવારા-ભાંખર-લુણવા-જેતલવાસણા વગેરે ગામોના આગેવાનોએ બેતાલીસ (૪૨) ગોળ સમાજ બાંધ્યો. આ બંધુકાવિવાહમાં પોતાના ગોળમાં જ વરકન્યાના વિવાહ થયા. આ બંધુકાવિવાહ કડવા પાટીદાર જ્ઞાતિની વિશિષ્ટ લગ્નપ્રથાની છેલ્લી નિશાની સમા બની ગયા.

હજારો વર્ષ જૂની પરંપરા શિક્ષણના પ્રસારથી સમાજમાં આવેલી નવજાગૃતિને કારણે, અંગ્રેજ સરકાર અને ખાસ કરીને ગાયકવાડ સરકારના સંયુક્ત અને દીર્ઘ પ્રયાસોથી લુપ્ત થઈ ગઈ. ઊંઝાનો આંટા પાટીદાર સમાજ બેતાલીસ કડવા પાટીદાર સમાજમાંથી સમયાંતરે અલગ પડ્યો. ('આંટ' શબ્દ કોર્ષ ગત અર્થ શાખ : આબરૂ (લેવડદેવડ અંગે) એવો બતાવ્યો છે. જ્યારે 'આંટોછાંટો' શબ્દનો અર્થ આવવા-જવાનો ને ખાવાપીવાનો સંબંધ, રોટી-બેટી વ્યવહાર એવો સાર્થ જોડણીકોશ પૃ. ૯૩ ઉપર બતાવાયો છે.) ઊંઝાના ઊંચા ગણતા આબરૂદાર ઘરના કેટલાક માણસોએ ગામમાં દીકરા-દીકરી પરણવાવવા માંડી. ઊંઝા ગામમાં બેતાળીસ કડવા પાટીદારોનાં ઘર પ્રમાણમાં વિપુલ હોઈ તેમને કોઈ પ્રકારની તકલીફ પડી નહીં. સમય જતાં આ બેતાળીસ સમાજમાંથી આંટા પાટીદારો અલગ થઈ ગયા જેની આંટા પાટીદારોને પણ ખબર ન પડી. હજુ આજે આ આંટા પાટીદારોનાં જૂનાં સગપણો બેતાળીસ કડવા પાટીદારોમાં સેંકડો જોવા મળે છે. જે આ વાતની સાહેદી પૂરે છે. સમગ્ર કડવા પાટીદારોમાં તેમનાં જૂનાં સગાં-સગપણો (બીજી ત્રીજી પેઢી પહેલાંનાં) એક ગોળમાંથી બીજા ગોળમાં હોવાના હજારો દાખલા આ લેખ લખનારને જોવા મળ્યા છે. જે બંધુકાવિવાહ દરમ્યાન ગોળ પ્રથા ક્રમશઃ વિકસતી જતી હોવાનો જીવતો પુરાવો પૂરો પાડે છે. વિ. સં. ૧૯૦૬થી આરંભાયેલ ગોળ રચવાની પ્રક્રિયા વિ. સં. ૧૯૭૮ સુધી સતત - દર દસ વર્ષના સમયે ચાલુ રહી. એક ગોળમાંથી બીજા ગોળમાં એમ આવનજાવન પણ ચાલુ રહી. ક્રમશઃ

(**અમૃત પટેલ કૃત** વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદરો પુસ્તકોમાંથી)



*ડૉ. અમૃત પટેલ*



# વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

## સંતકથા - સંત શ્રી તુલસીદાસ મહારાજ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

### સંત તુલસીદાસ



ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઇડર તાલુકાના દેશોત્તર (જશવંતગઢ) ગામની પવિત્ર ધરા પર એક દિવ્ય આત્માનો અવતાર થયો, સંત શ્રી તુલસીદાસ મહારાજ. તેમના પિતાશ્રી જોઈતાભાઈ અને માતાશ્રી દિવાબેન સામાન્ય ખેડૂત, કે જે જ્ઞાતિએ કડવા પાટીદાર અને શાખે રૂસાત (રૂસાવત) હતા, પરંતુ ધાર્મિક ભાવના અને સૌજન્યથી ભરપૂર હતા. બાળ તુલસીદાસનું બાળપણ સાધારણ પરંતુ સ્નેહમય વાતાવરણમાં વિત્યું હતું.

સંતશ્રી તુલસીદાસના પરિવારમાં માતા-પિતા અને એક નાના ભાઈ કે જેમનું નામ પીતાંબરભાઈ હતું. તે સમયે ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ હતી અને ઘરનું ગુજરાન ખેતી પર ચાલતું, પરંતુ નાનકડી ઉંમરે જ તેમની જીવનયાત્રામાં કઠિન પરિસ્થિતિ આવેલ. તુલસીદાસની માત્ર ૧૨ વર્ષની વયે તેમના પિતાનું અવસાન થયું. ઘરવ્યવહાર, ખેતી અને નાનો ભાઈ, આ બધાની જવાબદારી સંત શ્રી તુલસીદાસએ પોતાના ખભા પર લીધી. નાની વયે જ જીવનના સંઘર્ષોને પાર કરવાનું જ્ઞાન તેમને મળી ગયું હતું.

દેશોત્તર (જશવંતગઢ) ગામમાં તે સમયે પાણીની સમસ્યા તેમજ જમીન ઓછી હોવાથી ખેતી પર ઘરનું ગુજરાન કરવું મુશ્કેલ હતું. તુલસીદાસ ઉત્તર ગુજરાતથી નજીક રાજસ્થાનમાં ખેતી કામ કરવા ગયેલ, પરંતુ ઘર સંસારની દૃષ્ટિએ તેમનો સૌથી મજબૂત આધાર અને જીવનનો સહઅંગ બનેલી તેમની ધર્મપત્ની શ્રી કંકુબેનનું ૪૫ વર્ષની ઓછી વયે, ખૂબ ઓછા સમયમાં થયેલી ગંભીર બીમારીને કારણે દુઃખદ અવસાન થયું. જીવનની સૌથી મુશ્કેલ ક્ષણે, આ પ્રહારે તેમના અંતરના સ્તરને હચમચાવી દીધા, પરંતુ તેઓએ આ ઘોર દુઃખને પણ ભજન, ભક્તિ અને સેવાયોગમાં રૂપાંતરિત કરી દીધું.

આ પછી તેમનાં પરિવાર ઉપર બીજી મોટી આફત આવી. તેમના ડાબા ખભા સમાન એવા નાના ભાઈ શ્રી પીતાંબરભાઈનું પણ અચાનક આકસ્મિક અવસાન થયું. પીતાંબરભાઈ પાછળ એક પુત્ર અને ત્રણ પુત્રીઓ હતી. સમગ્ર પરિવારની જવાબદારી સંત તુલસીદાસ મહારાજના શિરે આવી પડી. પોતાના પાંચ સંતાનો ચાર પુત્રો અને એક પુત્રી સાથે સાથે પીતાંબરભાઈના ચાર સંતાનોની પૂર્ણ જવાબદારી પણ તેમણે નિર્વાહ કર્યો.

આવી સાંસારિક, માનસિક અને ભાવનાત્મક રીતે અત્યંત કઠિન પરિસ્થિતિઓ જોઈ તો એવું લાગે કે પરમાત્માએ જેમ કે તેમની કસોટી લીધી હોય. પરંતુ આ બધાં વાવાઝોડા વચ્ચે પણ તેઓ ભક્તિમાં અડગ રહ્યા, ક્યારેય હિંમત હારી નહીં. ભજન અને પ્રભુસ્મરણને જીવનનો આધાર બનાવી તેમણે સમગ્ર પરિવારને આધ્યાત્મિક અને નૈતિક સંસ્કારોનો દિવ્ય વારસો આપ્યો.

આમ, જીવનમાં એક પછી એક આવેલ આકસ્મિક દુઃખો છતાં, તુલસીદાસનું મન કદી કમજોર થયું નહીં. તેમણે ઈશ્વરભક્તિને શસ્ત્ર અને ધીરજને ઢાલ બનાવી જીવનયુદ્ધને જીત્યું. તેમની જીવનયાત્રા બતાવે છે કે, "અડગ ભક્તિની સામે કોઈ દુઃખ ટકી શકતું નથી અને પ્રભુ ઉપર સાચો વિશ્વાસ રાખનારને પરમાત્મા હંમેશા માર્ગ બતાવે જ છે. અડગ મનના મુસાફર ને હિમાલય પણ નડતો નથી."

આ બધા વિપરીત સંજોગોમાં પણ તેમના મનમાં ઈશ્વરપ્રેમ અને આધ્યાત્મિકતા તરફ અખંડ આકર્ષણ હતું. શરૂઆત ના સમયે

ગામમાં શ્રી ઉમિયા મંડળનું સંચાલન તેઓ ચલાવતા જેમાં ભજન દ્વારા તેઓ પોતાના અંતરની શાંતિ શોધતા. ધીમે ધીમે તેમની ભજનભાવના એટલી ઊંડાઈ ગઈ કે અધ્યાત્મ તેમનો શ્વાસ અને જીવનસારમાં વિલસતો અવિભાજ્ય બની ગયો.

આધ્યાત્મિક યાત્રાને સાચી દિશા ત્યારે મળી જ્યારે તેમણે સિદ્ધપુર નિવાસી શ્રી જેઠાલાલ મહારાજ પાસેથી જ્ઞાન મેળવ્યું. સંત જેઠાલાલ મહારાજની દીક્ષાએ સંત તુલસીદાસના અંતરમનમાં ભક્તિનો પ્રકાશ વધુ દીપાવ્યો. ત્યાર બાદ સંત તુલસીદાસ મહારાજ દેશોત્તર સ્થાન ગુરુ ગાદીનું બિરુદ મળ્યું અને તુલસીદાસ મહારાજનું નામ સંતસમાજમાં પ્રસિદ્ધ થવા લાગ્યું.

સંત તુલસીદાસ મહારાજે તેમની ધર્મપત્ની શ્રી કંકુબેનના દેહાંત પછી સાંસારિક જીવનની તમામ મુખ્ય જવાબદારીઓ પોતાના પુત્રોને સોંપી દીધી. જીવનના આ અગત્યના વળાંકે તેમના મનને સંપૂર્ણપણે પ્રભુભજન, આધ્યાત્મિક સાધના અને સેવાપ્રવૃત્તિમાં સ્થિર કરી લીધું. ઘરમાં રહ્યા, પરંતુ મનથી સંપૂર્ણ વૈરાગ્ય સ્થિતિ એમ કે જાણે ગૃહસ્થ જીવનમાં રહીને પણ સન્યાસી જેવી જીવનપ્રણાલી અપનાવી, તેમણે પત્નીના દેહાંત બાદ આખા ૫૭ વર્ષ સંસારના મધ્યમાં રહી, પરંતુ નિર્મોહી, નિર્વિકારી અને નિર્લેપ બની શુદ્ધ ભક્તિમય જીવન જીવ્યું. તેમની આ જીવનયાત્રા દર્શાવે છે કે,

**"વૈરાગ્ય ઘર છોડવાથી નથી આવતું, મનમાંથી મમત્વ છોડવાથી આવે છે."**

સંત તુલસીદાસ મહારાજના જીવનમાં એક અદ્ભુત અને પ્રેરણાદાયક ઘટના તેમના ૭૫ વર્ષની વયે બની. તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તેના કારણે શરીરના એક ભાગમાં લકવો આવી ગયો. હાથ અને પગમાં લકવાના કારણે કાર્ય કરતા ન હતા. ડૉક્ટરોએ પણ આ સ્થિતિમાંથી રિકવરી આવવી મુશ્કેલ છે એવું જણાવેલ. પરંતુ સંતનો વિશ્વાસ અડગ હતો, "શરીર નબળું પડે, મન નબળું ન પડવું જોઈએ."

તેમની માનસિક દૃઢતા, અખંડ ભજન-સાધના અને ઈશ્વર પ્રત્યેની નિઃસ્વાર્થ ભક્તિએ ચમત્કાર સર્જ્યો. બહુ ઓછા સમયમાં તેમના હાથ-પગ ફરી કાર્યરત થયા. તેઓ ફરી ચાલવા લાગ્યા, ફરી ભજન કરવા લાગ્યા, ફરી ભક્તોની વચ્ચે તેજસ્વી દેવદત્ત પ્રકાશ બની ઊભા રહ્યા. એમ લાગતું કે ભગવાને તેમને ફરી સેવા માટે અલૌકિક શક્તિ આપી હોય. આ ચમત્કારીક ઘટના તુલસીદાસ મહારાજના આધ્યાત્મક સ્તર અને આંતરિક દૃઢશક્તિની અદભુત સાબિતી છે.

સંત તુલસીદાસ મહારાજે તેમની જીવન દરમ્યાન ૧૦૦૦ થી પણ વધુ ભજનો રચ્યાં. તેમની બે કૃતિઓ - "તુલસીકૃત વહેતી જ્ઞાનગંગા - ભાગ ૧ અને ભાગ - ૨" ભક્તિમાર્ગનાં અમૂલ્ય રત્ન છે. આ ઉપરાંત તેઓએ સાખીઓ, સ્તુતિ, અને અનેક આધ્યાત્મિક પદોની રચના પણ કરી.

તેમણે ગામમાં આશ્રમની સ્થાપના કરી, જ્યાં ભજન, સત્સંગ અને સમાજસેવાના કાર્યો થવા લાગ્યા. ૧૦૦ થી વધુ શિષ્યોને તેમણે જ્ઞાન આપ્યું. તેઓ નિરાંત સંપ્રદાયના પ્રસિદ્ધ ગુરુ મહારાજ તરીકે જાણીતા બન્યા.

સંત તુલસીદાસની આધ્યાત્મિકતા - જ્ઞાનથી મુક્તિના માર્ગ સુધી માત્ર ભજનકાર કે પંથપ્રવર્તક નહોતા, તેઓ આધ્યાત્મિક જાગૃતિના દીવાદાંડી હતા. તેમની ભક્તિનું મૂળ તત્વ એ હતુંઃ

"ભજન માત્ર ગીત નથી; એ આત્માની સફર છે.
અને સત્સંગ માત્ર મળવાનું સ્થાન નથી; એ મુક્તિના દ્વારછે."

તેમની શિક્ષામાં હંમેશા એક વાત ગુંજતીઃ

"આધ્યાત્મિકતા એ જીવનનો શ્વાસ છે.
જ્ઞાન પ્રકાશ આપે, ભજન આત્માને શાંત કરે
અને સેવા મનને પવિત્ર બનાવે."

સંત તુલસીદાસના ભજનો અને સત્સંગે હજારો ભક્તોના જીવનને બદલ્યા છે. તેમના પદોમાં શાંતિ, સમાધાન, નિર્વૈરતા અને મુક્તિમાર્ગની ઝાંખી મળે છે.

**તેઓ કહેતાઃ**

"ભક્તિ એ જીવનની સૌથી મોટી વિકાસયાત્રા છે.

જેમાં માણસ દેવને નથી શોધતો,

સ્વયંની ખોજમાં પરમતત્વને પામે છે."

તુલસીદાસ મહારાજની શરીરની વય વધારે થવાથી અને શારીરિક ક્ષમતા અનુકૂળ ન હોવાથી તેઓ બહારના ભજન-સત્સંગના કાર્યક્રમોમાં જઈ શકતા ન હતા. તેમ છતાં, તેમના દ્વારા પ્રજ્વલિત કરવામાં આવેલ આધ્યાત્મિક જ્યોત સતત પ્રગટ કરે તેવા ઉદ્દેશથી, સંત તુલસીદાસ મહારાજે તા. ૧૭-૧૨-૨૦૦૪ના

રોજ ભવ્ય સંત મેળાવડાનું આયોજન કર્યું હતું, અને આ પ્રસંગે અધિકારી સંતો, હરિભક્તો તેમજ સમગ્ર ગ્રામજનોને આમંત્રણ અપાયું હતું. તેમના પવિત્ર સાન્નિધ્યમાં ભજન-સત્સંગ અને ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે તુલસીદાસ મહારાજે તેમના સત્સંગી સુપુત્ર ઈશ્વરભાઈને દીક્ષા પ્રદાન કરી અને તેમને "અધિકારી મહારાજ" નું બિરુદ આપ્યું, જેના કારણે તેઓ સંત શ્રી ઈશ્વરરામ મહારાજ તરીકે વિખ્યાત છે, આજે પણ તેઓ તુલસીદાસ મહારાજની પવિત્ર પરંપરાને ભાવપૂર્વક અને સમર્પણપૂર્વક આગળ ધપાવી રહ્યા છે.

તુલસીદાસ મહારાજે ૧૦૨ વર્ષનું દીર્ઘ, સેવાભરેલું અને ભક્તિમય જીવન જીવ્યું.

તેમનો દેહ તા. ૨૨.૦૧.૨૦૨૨ના રોજ વિલીન થયો, તેમની સંતકથા માત્ર એક વ્યક્તિની જીવનયાત્રા નથી; એ ભક્તિ, ધીરજ, કરુણા, આધ્યાત્મિકતા અને ઈશ્વરપ્રેમનો પવિત્ર ગ્રંથ છે.

આજે પણ સંત તુલસીદાસ મહારાજની પવિત્ર પરંપરા તેમના સંતાનો અને કુટુંબીજનો દ્વારા શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિભાવથી આગળ ધપાવવામાં આવી રહી છે. દર વર્ષે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે, જેમાં ભજન-સત્સંગ, ધાર્મકિ પ્રવચન, સેવા કાર્યો અને ભોજન-પ્રસાદ દ્વારા સંતશ્રીના દિવ્ય સ્મરણનું પવિત્ર આયોજન કરવામાં આવે છે. તેમજ સંત તુલસીદાસ મહારાજની પુણ્યતિથિ નિમિતે તેમના સંતાનો અને કુટુંબીજનો દ્વાર દર વર્ષે "સંત મેળાવડો"નુ પણ ભવ્ય આયોજન થાય છે. આ દિવસે તમના ભક્તો, અનુયાયીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ભજન-સત્સંગમાં જોડાય છે, ભોજન-પ્રસાદ ગ્રહણ કરે છે અને ધાર્મિક પ્રવચનો દ્વારા સંતશ્રીના ઉપદેશ, જીવનમૂલ્યો અને ભક્તિમાર્ગને હૃદયથી યાદ કરે છે.

આ મેળાવડો માત્ર પુણ્યતિથિની યાદ નહિ, પરંતુ સંત તુલસીદાસ મહારાજે સ્થાપેલી ભક્તિ, સેવા, સંસ્કાર અને આધ્યાત્મિકતાની પરંપરાને સતત જીવંત રાખવાનો એક પવિત્ર પ્રયાસ છે.

તેમની સ્થાપિત પરંપરા આજે પણ તેમના આશ્રમથી વહેતી ગંગા બની લોકપ્રેરણા આપે છે અને તેમાં પુત્ર સંત શ્રી ઈશ્વરભાઈ મહારાજ દ્વારા તેને વધુ તેજસ્વી અને સમાજને ભક્તિ તરફ પ્રેરવા માટે પ્રકાશિત કરે છે.

## સંત તુલસીદાસના આશ્રમના ફોટો



સત્સંગ હોલનો ફોટો



તુલસીદાસના આશ્રમની બહારનો ફોટો



શ્રી નિરાંત ભજન સત્સંગ હોલ



- જયેશ પટેલ

# પાટીદાર સુરાપુરા

## બેચર બાપા જસાણી પરિવાર

ગામ : ખાગેસરી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

### બેચર બાપા ગામ ખાગેસરી, તા.કુતિયાણા, જી. પોરબંદર



કડવા પાટીદાર જસાણી પરિવાર

ગામ : ખાગેસરી તા. કુતિયાણા જિ. પોરબંદર

શૂરાપુરાબાપા : - શ્રી બેચરબાપા પૂજાય છે.

ખાગેસરી ગામે કડવા પાટીદાર એવા જસાણી પરિવારમાં કાનજીબાપાનાં ઉંબરે શ્રી બેચરબાપાનો જન્મ થયેલ. બાપાનું બચપણ ગામડા ગામે વિતાવેલું. બાપા હિંમતવાન અને શૂરવીર હતા. ખાગેસરી ગામના સીમાડે એક જૂની વસાહત (ટીંબો) હતી. આ ટીંબા ઉપર ચારણ (ગઢવી) કોમનાં પરિવારો રહેતાં હતાં. આ પરિવારો મુખ્ય પશુપાલન કરી દૂધ, ઘી વેચી ગુજરાન ચલાવતાં. એક વખત આ ગામે લૂંટારાઓ આવ્યા અને લૂંટફાટ કરવા લાગ્યા ત્યારે ચારણની એક દિકરીને લૂંટવાનો પ્રયાસ કર્યો ત્યારે આ ચારણની દીકરી એ રાડારાડ કરી મૂકી અને બચાવો બચાવોની બૂમો પાડી ત્યારે જસાણી પરિવારના બેચરબાપા હાથમાં હથિયાર લઈ બહારવટિયા લૂંટારાની સામે જંગે ચડ્યા બાપા બહુ મર્દાનગીથી લડ્યા. અનેક બારવટિયાઓને ઘાયલ કર્યા. અમૂક લૂંટારા ભાગી છુટ્યા. બાપા પણ ઘાયલ થયા. લોહીની ધારાઓ હાલતી થઈ, આ ધીગાણું જ્યાં થયું ત્યાં નજીકમાં ખોડીયાર માતાજીનું મંદિર હતું, ચારણની દિકરી ઘવાયેલા બેચરબાપાને આ મંદિરે લાવે છે અને આ દિકરી મા ખોડીયારને પ્રાર્થના કરે છે. હે મા ખોડીયાર મને બચાવવા મારા ધર્મનાં ભાઈને તું તારા ખોળામાં લઈ લે. આમ મા ખોડીયારે આ ચારણની દીકરીની પ્રાર્થના સાંભળી  મા ખોડીયાર શાક્ષાત પ્રગટ થયાં અને બેચરબાપાને પોતાનાં ખોળામાં સમાવી લીધા. આમ બેચરબાપા એ ચારણની દીકરીને બચાવી પોતાના પ્રાણ આપ્યા. આવા શૂરવીર બેચરબાપાએ જસાણી પરિવાર ત્યાં ખાગેસરી ગામને ઊજળું કરી દેખાડ્યુ. વીરગતિની સાક્ષીરૂપે બાપાની ખાંભી જસાણી પરિવારો પૂજન કરે છે અને જસાણી પરિવારો ખોડીયારમાતાજીનું પૂજન અર્ચન કરે છે.

ખાગેસરી ગામે બાપાનું દેવભુવન બાંધવામાં આવેલ છે. આ નવા દેવભુવનમાં તા. ૩૦-૪-૨૦૦૧ને વૈશાખ સુદ-૭ને સોમવારે બાપાને બીરાજાવેલ છે અને સૌ જસાણી પરિવારો બાપાને પગે લાગી નૈવેદ્ય ધરે છે જ્યારે સતી માતાજીનું સ્થાપન કાન્તીભાઈ જસાણીની વાડીએ આવેલ છે. આ સ્થાનકે જસાણી પરિવારો હવનનું આયોજન કરે છે અને પ્રસાદી ગ્રહણ કરી સતી માતાજીને પગે લાગે છે.

"અમે અમથા નથી ખોડોણા, ખાંડાતણા ખેલ ખેલાણા,
ધરમ ધીંગેઈ, માથું મૂકાણા, એટલે અમે સિંદૂરે રંગાણા"

શ્રી સતીમાતાજીની જય હો, શ્રી બેચરબાપાની જય હો

# પાટીદાર સુરાપુરા

## વશરામ બાપા પરવાડિયા પરિવાર

ગામ : આટકોટ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

### વશરામ બાપા ગામ આટકોટ, તા.જસદણ જિ.રાજકોટ




કડવા પાટીદાર પરવાડિયા પરિવાર

ગામ : આટકોટ તા. જસદણ જિ. રાજકોટ

શૂરાપુરાબાપા : - શ્રી વશરામબાપા પૂજાય છે.

"પડકારે પીઠ નહી હૈયે મરવાની હામ,
ઈ મરદુ ના કામ સાચું સોરઠીયો ભણે"

આટાકોટ ગામે કડવા પાટીદાર એવા પરવાડીયા પરિવારના વશરામબાપા શૂરવીર અને હિંમતવાન હતા. વશરામબાપા એક વખત ગામતરે જાતા હતા ત્યારે આ જ રસ્તે એક બેન પણ ચાલતાં જતાં હતાં. અચાનક જ બહારવટિયાઓએ આ બેન ઉપર હુમલો કર્યો અને લૂંટ ચલાવવા લાગ્યા ત્યારે વશરામબાપાએ પોતાની કમરે બાંધેલી ગોફણ લઈ જબરો પથ્થર મારો ચલાવ્યો, ઘણા બહારવટિયાને માર્યા, બાપાની ગોફણ ચલાવતી વખતે આ ગોફણ, બોરડીનાં ઝાળામાં ફસાઈ ગઈ ત્યારે બાપા ઉપર બહારવટિયાઓએ હુમલો કર્યો અને બાપા વીરગતિ પામ્યા અને પેલી બેન પણ શહીદ થઈ ગયાં. આમ વશરામબાપાએ વટેમાર્ગુ બહેનને બચાવવા શહીદી વહોરી. આટકોટ ગામ અને પરવાડીયા પરિવારને ઊજળું કરી દેખાડ્યું.

"ભરજે ભડથી બાથ રાંકને રંજાળીશમાં,
રાજી દિનો નાથ સાચું સોરઠીયો ભણે"

વશરામબાપાની ખાંભી આટકોટ ગામે પ્રકાશભાઈ પરવાડીયાની વાડીમાં દેવમંદિર બનાવેલ છે. આટકોટ ગામથી આથમણી તરફ એક કિ.મી. દૂર આ સ્થાપક આવેલ છે. સૌ પરિવારો પગે લાગવા આવે છે. દર વર્ષે શાંતિ યજ્ઞ કરવામાં આવે છે. સમૂહપ્રસાદી લેવાય છે. દર વર્ષની ચૈત્ર સુદ આઠમે હવન યજ્ઞ કરવામાં આવે છે. પરિવારો સમયાંતરે ભાગવત સપ્તાહ, શીવપુરાણ કથાઓ પણ બેસાડે છે.

"જવામર્દ વશરામબાપાની જય હો સત્ સત્ નમન હો"

દેવરાજભાઈ કરડાણી



# વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

## સ્વ. છગનભા

જન્મ : તા. ૧૧-૧૧-૧૮૬૩ દેહાંત : તા. ૨૨-૧૨-૧૯૪૦

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



સ્વ. છગનભા

એક નાનકડા બીજના ગર્ભમાં વિશાળ વૃક્ષનું સર્જન કરવાની વિપુલ શક્તિ પડી હોય છે. એમાંથી ઉદ્‌ભવ પામેલું વૃક્ષ સમય આવ્યે પત્ર, પુષ્પ, ફળથી લચી રહે છે ને પેલાં મૂળી બીજ જેવાં જ અસંખ્ય બીજ ઉત્પન્ન કરવા શક્તિશાળી બને છે. પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે, કેળવણી માટે, તેમના શિક્ષણ માટે પોતાનું આયખું સમર્પિત કરનાર છગનભા આવા જ એક શક્તિશાળી બીજ હતા. તેમના આતમને આંગણે સતત પ્રશ્નો ઊઠતા, 'જે કોમ લાખો મણ અનાજ પકવે, જેને આધારે હજારો કુટુંબોના નિર્વાહ ચાલે તે કોમની આવી રાંક દશા ?' અનેક કુરિવાજોનો ભોગ થઈ પડેલી પાટીદાર જ્ઞાતિ શું દિવસે દિવસે નિર્વીય અને નિસ્તેજ થઈ રહી છે ? પાયમાલ કરી મૂકે તેવા બારમા અને બાળલગ્નના ઉડાઉ ખર્ચા શું પાટીદારોના સ્વતંત્ર જીવનને સરકાર અને શાહુકારોના મોહતાજ બનાવી દેશે ?'

આવા અજ્ઞાન અને કુરિવાજોમાં સબડતા પોતાના જ્ઞાતિબાંધવોની દુર્દશા જોઈ તેમનું હૈયું કકળી ઊઠ્યું હતું. છગનભા દઢપણે માનતા કે આ અજ્ઞાન અને કુરૂઢિના રાક્ષસી પંજાની પકડમાં સપડાયેલી પ્રજાને ભાષણો, ઠરાવો અને સુધારાની ઝુંબેશ થકી મુક્તિ નહીં અપાવી શકાય. તેમનામાં વ્યાપ્ત આ મહારોગને દૂર કરવાનું એક માત્ર ઔષધ છે ... કેળવણી.

યુવાનીમાં છગનભા ઉપર મહાત્મા ગાંધીના વિચારોનો ઘણો મોટો પ્રભાવ હતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી પરત આવી અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરી ત્યારે યુવાન છગનલાલ તેમના સંપર્કમાં આવવાનો લાભ મેળવતા. ઈ.સ. ૧૯૨૧માં અમદાવાદમાં થયેલી વિદેશી કાપડની હોળીએ તેમને ખાદી પહેરતા કર્યા. તેઓ પોતે ખાદી કાંતતા અને તેને વણાવીને પહેરતા. પછી તો જીવનપર્યંત છગનલાલે ખાદી પહેરી.

સરઢવના ચુસ્ત કબીરપંથી ભક્ત પીતાંબરદાસ ઝવેરદાસ પટેલના ખોરડે પ્રેમાળ અને ભક્તહૃદયી કૃષ્ણાબાની કૂખે સંવત ૧૯૧૯માં આસો વદ અમાસને દિવસે પુત્રરત્નનો જન્મ. નામ રાખ્યું છગન. માત્ર ૮ વર્ષની રમવા-ભણવાની ઉંમરે છગન કિનખાબના વણાટના ધંધાનું કામકાજ શીખવા લાગ્યો. ઘરમાં ધાર્મિક વાતાવરણ હોવાને લીધે સાધુઓનો સત્સંગ અને ધર્મની ચર્ચાઓ અવારનવાર થતી રહેતી. સત્સંગને લીધે ૧૮ વર્ષની ઉંમર સુધી અભણ રહેનાર યુવાન છગનની સમજદારી તો વધી હતી, પરંતુ જે શાસ્ત્રો સાંભળવાનો સંતોના મુખેથી લાભ મળ્યો હતો તે સ્વપ્રયત્ને અર્જિત કરવો હતો. પરંતુ કાળા અક્ષર ભેંસ બરાબર એવા અભણ છગન માટે તે ક્યાં શક્ય હતું ? છગનને વિદ્યાભ્યાસની મહત્તા ઉંમરના આ તબક્કામાં સમજાઈ. યુવાન

છગને ભણવાનો મનોમન દૃઢ નિર્ધાર કર્યો. કદાચ તેથી જ ખૂંધા મહેતાની પાઠશાળામાં માત્ર ૧૦ મહિનામાં જ તેઓ ધો. ૪ સુધીનો અભ્યાસક્રમ પૂરો કરી શક્યા, તેમજ હિસાબ અને નામાની રીત પણ બરાબર શીખી લીધી.

કડી સર્વ વિદ્યાલયના ભૂ.પૂ. આચાર્ય અને સાહિત્યકાર મોહનભાઈ પટેલ તો ત્યાં સુધી લખે છે કે, 'આ દસ માસનો સમયગાળો છગનલાલના જીવનમાં જ નહીં, સમગ્ર ઉત્તર ગુજરાતના જનજીવનમાં મહત્ત્વનો વળાંક લાવનારો બની રહ્યો.' આજે પ્રશ્ન એ થાય કે છગનલાલ ખૂંખા મહેતાની પાઠશાળામાં ન ગયો હોત તો ? કદાચ છગનલાલ કિનખાબ વણાટના ધંધામાં જ રહ્યા હોત અથવા તો વતનમાં જઈ ખેતી સંભાળી હોત તો ? તેમનામાં રહેલી સૂઝ, સમજ, સાહસ કે ધૈર્ય જેવા કલ્યાણકારી ગુણો તેમના પોતાના જ ઉપયોગ માટે મર્યાદિત રાખ્યા હોત તો ? તો પાટીદાર સમાજને એક સમર્પિત કેળવણીકાર ન મળ્યો હોત અને આજે પાટીદાર સમાજમાં દેખાતો ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય કદાચ જોવા ન મળત; કદાચ પાટીદાર સમાજ આજે જે સ્તરે છે તે સ્તર પહોંચ્યો ન હોત !...

અઢાર વર્ષથી ૩૦ વર્ષની ઉંમરનો ગાળો છગનલાલ માટે મહત્ત્વનો બની રહ્યો. આ સમયગાળા દરમિયાન તેઓએ અમદાવાદની શરાફી પેઢીમાં નોકરી કરી, લાકડાની લાટીનો સ્વતંત્ર ધંધો કર્યો. આમ છગનલાલને વિવિધ કક્ષાના માનવસમુદાયના સંપર્કમાં આવવાનું બન્યું. વ્યવસાયને લીધે એમણે મેળવેલ શિક્ષણનો ઉપયોગ થતાં તે દૃઢ થવા લાગ્યું. બીજી બાજુ સાધુ-સંતોના સત્સંગમાં રહી શાસ્ત્રચર્ચા અને શાસ્ત્રવાચન વિકસાવતા રહ્યા. તેમણે સ્વામી હૃદયાનંદસાગર પાસે તત્ત્વાનુસંધાન તેમજ અન્ય વેદાંત-ગ્રંથોનો અભ્યાસ કર્યો.

લાકડાની લાટીનો ધંધો આટોપી છગનલાલ અમદાવાદ છોડી વતનમાં આવ્યા, પરંતુ તેમનું ચિત્ત અન્ય કાંઈક કરવાને બદલે આત્મકલ્યાણના માર્ગ તરફ પ્રયાણ કરવા વ્યાકુળ હતું. અને આખરે એક દિવસ આત્માના અવાજને અનુસરી છગનલાલે સંન્યસ્ત જીવનના શ્રીગણેશ રૂપે કાશી તરફ પ્રયાણ કર્યું. કાશીમાં તેમના ગુરુ સ્વામી કેશવાનંદના સાંનિધ્યમાં 'વૃત્તિપ્રભાકર'નો વધારે ઊંડાણથી અભ્યાસ શરૂ કર્યો. છગનલાલની ઇચ્છા હતી કે આ સદ્‌ગુરુ પાસે તેઓ સંન્યસ્ત જીવનની દીક્ષા લઈ ભવ કૃતાર્થ કરે. તેમાં એક દિવસ સ્વામીજીએ સામેથી જ છગનલાલને કહ્યું, 'તમે સંન્યસ્ત જીવનની દીક્ષા લેવા ઝંખી રહ્યા છો, ખરું ?' છગનલાલે કહ્યું, 'હા, સ્વામીજી, એ એક જ કામનો છે.' બહુ વિચારના અંતે સ્વામી કેશવાનંદે છગનલાલને કહ્યું, 'મારી સલાહ માનતા હો તો સ્વામી થવાની ઇચ્છા છોડી દઈ તમારા પ્રદેશમાં જઈ ત્યાંના લોકોને ઘોર અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢો. તેમનું અજ્ઞાન દૂર થાય તે માટે તમારું જીવન સમર્પિત કરી દો તેમાં જ તમારું અને સૌનું કલ્યાણ છે.'

માનવકલ્યાણનો પુરુષાર્થ એ પણ એક મહાયજ્ઞ છે તે છગનલાલ સારી રીતે જાણતા હતા પરંતુ લોકોને અજ્ઞાનમાંથી ઉગારવા કેળવણીના કામનો અનુભવ તો જોઈએ જ ને ? તે ક્યાંથી લાવવો ? સ્વામીજીએ તેમની મૂંઝવણ પારખી લઈ છગનલાલને કહ્યું, 'બધાં સારાં વાનાં થશે.' એમ કહી એક પાત્રમાંથી પાંચ રૂપિયા કાઢી છગનલાલને આપ્યા અને કહ્યું : 'હવે કશો વિલંબ કરવાની જરૂર નથી. સૂઝ અને તપ બે ભેગાં થશે એટલે બધું જ સિદ્ધિ થશે. કામને આગળ ધપાવનારા અને દીપાવનારા મળી રહેશે.'

આમ સદ્‌ગુરુ સ્વામી કેશવાનંદના આશીર્વાદ થકી શરૂ કરેલું કામ કઠિન જરૂર હતું, પરંતુ અશક્ય ન હતું. પાટીદાર સમાજમાંથી અંધશ્રદ્ધા, કુરિવાજો, અજ્ઞાનને દૂર કરવા સમાજને કેળવણી આપવાની આવશ્યકતા હતી અને તે માટે કેળવણીની સંસ્થાઓ ઊભી કરવી પડે તેમ હતી અને આ બધા માટે અઢળક નાણાંની જરૂર પડે તેમ હતી. ગુરુજીએ આપેલ પાંચ રૂપિયા સિવાય તેમની પાસે કોઈ મૂડી તો હતી નહીં, પણ કેળવણીની

જરૂરિયાત સમાજને છે, અને તે સમજ ઊભી કરવા જરૂરી ધૈર્ય અને કુશળતા છગનલાલમાં હતાં એટલે કેળવણીના કાર્યને વેગવંત બનાવવામાં લોકોના અજ્ઞાન સિવાય બીજું કોઈ નડતર ન હતું.

દૃઢ સંકલ્પને સથવારે છગનલાલે શરૂ કરેલ ભગીરથ કાર્યમાં ધીરે ધીરે શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ, શ્રી પુરુષોત્તમદાસ (દાસકાકા), શ્રી વિઠ્ઠલભાઈ જેવાં સમાજ-સમર્પિત પાત્રો ઉમેરાતાં ગયાં અને સ્થાપવામાં આવ્યું એક મંડળ, જેનું નામ રાખ્યું. 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'. અને તે મંડળના તત્વાધાનમાં શરૂ કરવામાં આવેલ છાત્રાલયનું નામ 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ' રાખવામાં આવ્યું. આ બોર્ડિંગ સંવત ૧૯૭૬માં ચૈત્ર સુદ ૨ ને સોમવારે કડી મુકામે શરૂ કરવામાં આવી.

આશ્રમની સ્થાપના સાથે જ છગનલાલ, છગનલાલ મટી પાટીદાર સમાજના છગનભા બની રહ્યા. તા. ૧-૩-૨૨ને બુધવારે વડોદરા રાજ્યના કેળવણી ખાતાની મંજૂરીથી અંગ્રેજી ધો. ૩ સુધીનું શ્રી કડવા પાટીદાર વિદ્યાલય શરૂ થયું. ત્રણેય ધોરણના મળી કુલ વિદ્યાર્થીઓની સંખ્યા માંડ પોણોસો હતી. ત્યાર પછી ધો. ૪ અને ધો. ૫ પણ શરૂ કરવામાં આવ્યાં. ધોરણ વધતાં વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણ આંકડાની, એટલે કે ૧૦૧ની થઈ હતી.

છગનભાને મનમાં ઊંડે ઊંડે એક અજંપો રહ્યા કરતો : 'સંસ્થાને પોતાનું મકાન નથી.' શાળા ભાડાના મકાનમાં ચાલતી હતી. પણ છગનભાને તો પોતાની અલગ શૈક્ષણિક સૃષ્ટિ ઊભી કરવી હતી જે ભાડાના મકાનમાં શક્ય ન હતું. ત્યારે તેમણે સઘળો પુરુષાર્થ સંસ્થાનું પોતાનું મકાન બનાવવામાં લગાડ્યો. આ કેળવણીના યજ્ઞીય કાર્યમાં પાટીદાર સમાજના ઘણા મહાનુભાવોએ તન, મન, ધનથી સાથ અને સહકાર આપ્યો.

આ સંસ્થાની મુલાકાતે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ તેમજ મહાત્મા ગાંધીજી પણ આવ્યા હતા. તેમણે બંનેએ સંસ્થાની પ્રવૃત્તિઓનાં ભરપેટ વખાણ કર્યાં હતાં. કડી સર્વ વિદ્યાલયની સ્થાપનામાં તેમજ તેના સંચાલનમાં શરૂમાં ઘણી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. સંસ્થા માટે ભંડોળ એકઠું કરવા માટે છગનભાના ભગીરથ પુરુષાર્થમાં ઉત્તર ગુજરાતના ઘણા આગેવાનોએ આ કેળવણી યજ્ઞમાં પૂરતો સહકાર આપ્યો. આમ એક બીજમાંથી વટવૃક્ષ બનેલી આ સંસ્થાનાં મૂળની શાખાઓ, પ્રશાખાઓ આજે ઉત્તર ગુજરાતમાં ચારેબાજુ પ્રસરેલી છે. કદાચ એટલે જ આ વટવૃક્ષ આજે અનેક ડાળીઓથી ઘટાટોપ કબીરવડ બન્યું છે. તેનાં પર્ણ, ફૂલ, ફળ વગેરેની સુગંધ દેશમાં જ નહીં, હવે તો પરદેશમાં પણ પ્રસરી છે. એના સૂત્રધાર શ્રી માણેકલાલ પટેલની સેવા પ્રશસ્ય છે. કડી ઉપરાંત ગાંધીનગરમાં વિશાળ શિક્ષણ સંકુલ ઊભું થયું છે.

આવા કર્મયોગી, પુરુષાર્થી અને એક આદર્શ વિરલ વિભૂતિ એવા છગનભા ૭૮ વર્ષની ઉંમરે તા. ૨૨-૧૨-૧૯૪૦ ના રોજ દેવલોક પામ્યા. આજે તેમના નિર્વાણના ૮૫-૮૫ વર્ષે પણ સંસ્થાના વહીવટકર્તાઓ છગનભાના જીવન અને કાર્યમાંથી સતત પ્રેરણા લઈ તેમની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી રહ્યા છે તે પાટીદાર સમાજ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. કડી અને ગાંધીનગરના સંસ્થા-સંકુલમાં આજે તો વિવિધ આધુનિકતમ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. તેનો લાભ હજારો વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે.

આવા 'कुलं पवित्रं जननी कृतार्था, वसुंधरा पुण्यवती च येन।' એટલે કે કુળને પાવનતા અર્પનાર, જનનીને કૃતાર્થતા અને મા વસુંધરાને પ્રસન્નતા બક્ષનાર બહુરત્ના વસુંધરાનું આ રત્ન સદા સર્વદા પ્રજ્વલી રહીને સમાજને અને સામાજિક કાર્યકરોને પ્રેરણાપ્રદ રહેશે.

"ધરતી થી આકાશ" માથી સાભાર




*અમર પંડિત*

# વિભાગ : ૫ આરોગ્ય : પહેલું સુખ તે જાતે નર્યા

## કેન્સર : આટલું તો જાણીએ જ.

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



કેન્સર : આટલું તો જાણીએ જ.

જેનું નામ સાંભળતાં જ આપણે નખશીખ કંપી ઊઠીએ છીએ એ છે કેન્સર ! એનું નિદાન થતાં જ વ્યક્તિને મૃત્યુ સામે દેખાવા લાગે છે અને આખા પરિવારને શોકની છાયા ઘેરી વળે છે.

શું છે આ કેન્સર, આવો, આપણે સમજવાની કોશિશ કરીએ. આપણે જાણીએ છીએ કે આપણું શરીર અબજો કોષોનું બનેલું છે. અલગ અલગ કોષો શરીરમાં અલગ અલગ પેશીઓ બનાવે છે અને પેશીઓથી અંગો બને છે. અલગ અલગ કોષોની રચના અને કાર્ય અલગ અલગ હોય છે. શરીરમાં કોષોની ક્ષતિ બે કારણોથી ઉદ્‌ભવી શકે છે, એક તો કોષોનું એમની ઉંમર સહજ ઘસાઈ જવું અને બીજું, કોષોને ઈજા પહોંચવી. આ બન્ને પરિસ્થિતિઓમાં જે-તે પેશીના અન્ય કોષો નવા કોષો બનાવવા લાગે છે કે જેથી નવા કોષો જૂના નાશ પામતા કોષોનું સ્થાન લેતા જાય, જે પ્રક્રિયા અંતર્ગત કોષ વિભાજન એટલે કે એકમાંથી બે કોષ, બેમાંથી ચાર, ચારમાંથી આઠ એ રીતે થતા જાય છે અને એ ખામીની પૂર્તિ કરી દેવામાં આવે છે. જ્યારે કશું વાગ્યું હોય અને એ જખમ ભરાઈ જાય ત્યારે એને આપણે રૂઝ આવી ગઈ એમ કહીએ છીએ. કુદરતી રચના એવી છે કે એ કોષોને સંકેત મળે છે કે બસ, જખમ ભરાઈ ગયો, ઘા રૂઝાઈને પૂરાઈ ગયો, હવે આ કામગીરી બંધ કરો અને તરત એ કામગીરી બંધ થઈ જાય છે. થોડું ઊંડાણથી જોઈએ તો આ કામગીરી પાછળનું મુખ્ય પરિબળ છે કોષમાં આવેલાં ક્રોમોઝોમ્સ (રંગસૂત્રો) જેના પર લાગેલાં કરોડો જીન્સ આનુવંશિક સંદેશો આપે છે. આ રૂઝ લાવવાનું શરૂ કરવું અને રૂઝ આવી ગયે એ પ્રક્રિયા બંધ કરી દેવાનો સંદેશ પણ જીન્સ જ આપે છે. હવે જ શરૂ થાય છે એક વિચિત્ર અને ભયાનક ખેલ !

ક્યારેક એવું બની જાય છે કે આ રૂઝ લાવવાનો અને આવી ગયા પછી એ પ્રક્રિયા બંધ કરવાનો સંદેશો આપનાર જીનમાં વિકૃતિ આવી જાય છે અને એ તદ્દન ખોટો અને ભયાનક મેસેજ આપી બેસે છે કે "હે કોષ, તારે સતત અને સતત બસ વૃદ્ધિ જ કરવાની છે, તું કોઈ કામ નહીં કરે તો ચાલશે પણ અમર્યાદિત રીતે બસ તું વધ્યા જ કર." આ સંદેશો મળતાં જ કોષો ભયંકરમાં ભયંકર ગતિએ વિભાજન પામવા લાગે છે અને એમની સંખ્યા રોકેટ ગતિએ વધવા લાગે છે. એકદમ સ્થૂળ રીતે વાત કરીએ તો માનો કે કોઈ એક કોષનું વિભાજન આજે સવારે શરૂ થાય અને એ આગળ વધતાં વધતાં રાત્રે બસ્સો કોષ થઈ જવા એ કુદરતી પ્રક્રિયા હોય તો કેન્સરની પ્રક્રિયા થવા લાગે તો એ કોષ વિભાજિત થતાં થતાં રાત પડ્યે બે લાખ થઈ જાય ! આટલું ઓછું હોય એ રીતે પાછું એ કોષો કોઈ પણ પ્રકારનું કામ તો કરે જ નહીં અને શરીરનું પોષણ ખાઈ જવું અને અમર્યાદિત રીતે વધતા જવું એ જ એમનું કાર્ય બની જાય.

હવે સમજી જ શકાય છે કે આ કોષોનો આ વિકૃત ગ્રોથ જે-તે જગ્યાએ એક ગાંઠ બનાવે જેને આપણે કેન્સરની ગાંઠ કહીએ છીએ. આ ગ્રોથ જે-તે પેશી અને અંગનો આકાર બગાડી નાખે

અને એટલું જ નહીં પણ ભયાનક વૃદ્ધિ દર હોવાથી એ આજુબાજુનાં સ્ટ્રકચર્સ પર હુમલો કરે અને તોડફોડ કરે. જે રીતે જમીન તોડીને પીપળો આપણાં ઘરમાં ઘૂસી જાય છે એવું જ કંઈક. આ હજી પૂરતું ન હોય તેમ હવે શરૂ થાય છે આ ભયાનક ખેલને પણ નાનો કહેવડાવે એવો ખતરનાક ખેલ !!

આ રીતે પ્રચંડ ગતિએ વધી રહેલા કોષો એક ગાંઠનું સ્વરૂપ લે છે પણ એ ગાંઠ કોબી જેવી વ્યવસ્થિત આકારવાળી નથી હોતી પણ કોબીફ્લાવર જેવી અનિયમિત હોય છે અને એનાં પાંખિયાંઓ સૈન્યની જેમ તોડફોડ કરતાં આગળ વધે છે અને એ આજુબાજુની પેશીઓને તો નુકસાન પહોંચાડે જ છે પરંતુ એટલું જ નહીં પણ ત્યાંથી પસાર થતી લસિકાવાહિનીઓ અને રક્તવાહિનીઓની અંદર ઘૂસી જાય છે અને એ લસિકા કે લોહીની સાથે આવા વકરી ગયેલા કોષો મુસાફરી શરૂ કરે છે અને શરીરના અન્ય ભાગોમાં ઉપડે છે, જાણે કે કોઈ ત્રાસવાદીઓ કોઈ એક મોટા શહેરમાં આવે છે અને પછી ટ્રાન્સપોર્ટ દ્વારા અન્ય શહેરોમાં ત્રાસવાદ ફેલાવવા ઉપડી જાય છે ! એ રીતે નીકળેલા કેન્સરગ્રસ્ત કોષો અન્ય સ્થળે ગળાઈ જઈ અને અટકી પડે છે અને તે જગ્યાએ અડ્ડો જમાવી અને ત્યાં પોતાનો વિકાસ સાધી અને ત્યાં એક નવી જ કેન્સરની ગાંઠ ઉત્પન્ન કરે છે. આ ઘટનાને મેટાસ્ટેસીસ કહેવાય છે. કેન્સરની ખરેખરી ભયાનકતા તેના આ મેટાસ્ટેસીસ થવાના સ્વભાવને કારણે જ છે. માનો કે કોઈને હાથમાં એક કેન્સરની ગાંઠ થઈ તો તમે એને ઓપરેશન કરીને કાઢી નાખો, અરે હાથ જ કાપી નાખો પણ જો એમાંથી કેટલાક કોષો ફેફસાંમાં ચાલ્યા હોય અને ત્યાં ગાંઠ બનાવી હોય તો ફેફસાં થોડાં કાઢી નાખી શકો ? આ વસ્તુ એ પણ બતાવે છે કે કેન્સરનું નિદાન બને એટલું જલ્દી થાય તો શક્ય છે કે કોષો અન્ય ગાંઠ ઉત્પન્ન કરે એટલે કે મેટાસ્ટેસીસ થાય એ પહેલાં જ જો એ ગાંઠને ડામી દેવામાં આવે તો એ કેન્સર સંપૂર્ણ મટી પણ જાય. અલગ અલગ કેન્સરોની અલગ અલગ જગ્યાએ આ મેટાસ્ટેસીસ પામવાની લાક્ષણિકતા હોય છે. કેન્સરની મૂળ જગ્યા કે જ્યાં એ ઉદ્ભવ્યું હોય એને 'પ્રાયમરી' કહે છે અને બીજે જ્યાં ગયું હોય ત્યાંના ગ્રોથને 'સેકન્ડરી' કહે છે.

હવે એક અતિ અગત્યની વાત;

આપણે જોયું કે કોષનાં રંગસૂત્રોમાં વિકૃતિ થાય તો કેન્સર થાય છે. કેટલાક પદાર્થો એવા છે કે જે આ રીતે વિકૃતિ લાવીને કોષને કેન્સર કરવા પ્રેરે છે. કોઈ જગ્યાએ સતત ઇરિટેશન કરવામાં આવે તો એ ત્યાંના કોષોમાં આવો વિકૃતિ ફેરફાર કરવાનું કારણ બની શકે છે. કેન્સરનું મેડિકલ નામ કાર્સીનોમા છે એટલે કેન્સર કરી શકે એવા પદાર્થોને કાર્સીનોજેન કહેવાય છે. કેન્સર કરી શકે એ વસ્તુ કાર્સીનોજેન. ઘણા પદાર્થો અને કેમિકલ્સ આવાં હોય છે અને એમાંનો એક સૌથી શક્તિશાળી પદાર્થ છે નિકોટીન, જે તમાકુમાં હોય છે અને આથી જ માવા-ગુટકા-તમાકુ ખાવાવાળાઓને કે સિગરેટ પીનારાઓને કેન્સર થવાની શક્યતા અનેક અનેક ગણી વધી જાય છે. મોઢામાં તમાકુનો માવો ભરી રાખીએ તે મોઢાની અંદરની ત્વચાને સતત ઇરીટેટ કર્યા કરે છે અને ત્યાં સતત ઈજા-રૂઝ, ઈજા-રૂઝની પ્રક્રિયા ચાલ્યા કરે છે અને એક વખત એવો આવે છે કે કોઈ એક કોષ કહી દે છે કે બસ, હવે હું આ નહીં ચલાવું, વારે વારે મારું વિભાજન શરૂ કરું, પાછું બંધ કરું, પાછું ચાલુ કરું, પાછું બંધ કરું એવી લપ હવે મારાથી નહીં થાય, હવે હું સતત અને ભયાનક રીતે વધવાનું જ કામ કરીશ, તેં મને આ તમાકુના છરા ભરાવી ભરાવીને ખૂબ ત્રાસ આપ્યો છે, હવે તો તું પણ લેતો જા !!! વાતાવરણનું પ્રદૂષણ, પાણી કે ખોરાકનું પ્રદૂષણ વગેરે પણ કેન્સરકારક બની શકે છે.

આ ઉપરાંત કેટલાંક કેન્સર થવા પાછળ વાયરસથી કોષમાં આવતી વિકૃતિને પણ કારણભૂત માનવામાં આવે છે. અમુક કેન્સરો વારસાગત પણ હોય છે કારણ કે એના અમુક કોષો પહેલેથી જ આવો વિકૃતિ વારસો લઈને જન્મ્યા હોય છે અને એથી એ કેન્સરકારક બને છે અને આથી બાળકોને પણ કેન્સર થાય છે. રસપ્રદ વાત એ છે કે અમુક જાતિઓ અને અમુક દેશોમાં અમુક ખાસ કેન્સર કોમન હોય છે એવું પણ જોવા મળ્યું છે. કેટલાંક કેન્સર મહદ અંશે સ્ત્રીઓમાં જ તો કેટલાંક પુરુષોમાં જ વધુ જોવા મળે છે.

આટલું જોયા પછી હવે આપણે કેન્સરની ટેક્સ્ટબુક વ્યાખ્યા જોઈએ.

"કેન્સર એ એક રોગ છે જેમાં શરીરના કેટલાક કોષો અનિયંત્રિત રીતે વધે છે અને શરીરના અન્ય ભાગોમાં ફેલાય છે."

મને પૂર્ણ વિશ્વાસ છે જે જો તમે આ લેખ ધ્યાનથી વાંચ્યો હશે તો આ વ્યાખ્યા તરત જ સમજાઈ જશે.

આપણે જોયું તે રીતે આ કોષો સતત અને ભયંકર રીતે વધવાનું જ કામ કરે છે અને સ્પષ્ટ છે કે પોષણ મેળવ્યા વગર કોઈ વૃદ્ધિ થઈ શકતી નથી અને પરિણામે આ સતત વધી રહેલા કોષો શરીરનું ઘણું બધું પોષણ ખાઈ જાય છે અને એનાથી દર્દી ઑર નબળો પડતો જાય છે અને એને અન્ય રોગો પણ ઘેરી વળે છે. વળી આ કેન્સરના કોષો કરચલાની જેમ પાંખિયાં નાખીને આજુબાજુ નુકસાન તો કરે જ છે પણ ત્યાંના જ્ઞાનતંતુઓ (નર્વઝ) પર તેમનું સખત દબાણ આવવાથી અને ઈજા પહોંચવાથી ભયંકર જાતના દુઃખાવાઓ પણ થાય છે. બીજી વસ્તુ એ કે પેટ, છાતી કે ખોપરીની અંદરના ભાગમાં થતાં કેન્સરની ગાંઠને ફેલાવાની જગ્યા ન મળતાં એ પોતાની આજુબાજુના અવયવોને સખત રીતે દબાવે છે એટલે એને લગતી સમસ્યાઓ પણ ઉત્પન્ન થવા લાગે છે.

શરીરમાં જુદી જુદી જગ્યાઓએ કેન્સર થઈ શકે છે, જેમ કે બ્રેસ્ટ કેન્સર, પ્રોસ્ટેટનું કેન્સર, ગર્ભાશયનું કેન્સર, પેન્ક્રીયાસનું કેન્સર, લીવરનું કેન્સર, કિડનીનું કેન્સર, મોઢાંનું કેન્સર, ફેફસાંનું કેન્સર, આંતરડાંનું કેન્સર, બ્રેઈન ટ્યુમર, થાયરોઈડનું કેન્સર, બોનનું કેન્સર, લસિકાગ્રંથિઓનું કેન્સર, લોહીનું કેન્સર (લ્યુકેમિયા) વગેરે, આ લીસ્ટ હજી ખૂબ લાંબું થઈ શકે, ટૂંકમાં ગમે તેનું કેન્સર થઈ શકે તેમ કહી શકાય.


એક વસ્તુ એ પણ સમજી લઈએ કે ટ્યુમર એટલે ગાંઠ. શરીરમાં થતી ગાંઠો બે પ્રકારની હોય છે, કેન્સરની અને સાદી. કેન્સરની ગાંઠોને મેલીગ્નન્ટ અને સાદી ગાંઠને બીનાઈન કહેવાય છે. આ જ કારણથી કેન્સરનું મેડિકલ નામ 'મેલીગ્નન્સી' છે. બીજી એક પરિભાષા પણ જાણવા જેવી છે કે કેન્સરને 'કાર્સીનોમા' તો કહેવાય છે પરંતુ જે સંયોજક પેશીઓ છે, જેમ કે બોન્સ, મસલ્સ, લસિકાવાહિનીઓ, લોહી (લોહી એ કોષો ધરાવે છે અને એ પેશીની વ્યાખ્યામાં જ આવે) વગેરેનાં કેન્સરને 'સારકોમા' કહેવાય છે. આનંદ ફિલ્મ યાદ છે ? રાજેશ ખન્નાને તેમાં 'લીંફોસારકોમા ઓફ ધ ઈન્ટેસ્ટાઈન' હોય છે !

આટલું જાણ્યા પછી કેન્સરનું નિદાન અને સારવારનો પાર્ટ આવે પણ અહીં હેતુ કેન્સર શું છે એ સમજાવવાનો હોવાથી એ બાબતો ટૂંકમાં જ જોઈએ.

નિદાન માટે મુખ્ય વસ્તુ 'બાયોપ્સી' છે જેમાં જે-તે ગાંઠમાંથી એક કટકી લેવામાં આવે છે અને એની પેથોલોજી લેબોરેટરીમાં તપાસ કરી અને એના કોષો કેન્સરની અસર ધરાવે છે કે નહીં એ જોવામાં આવે છે. આ ઉપરાંત લોહીની તપાસ, સોનોગ્રાફી, સીટી સ્કેન, એમઆરઆઈ વગેરે દ્વારા પણ નિદાન થઈ શકે છે. લીવર, ફેફસાં વગેરેનાં કેન્સર એક્સ-રેમાં પણ પકડાતાં હોય છે. આ ઉપરાંત બીજી અન્ય અત્યાધુનિક પદ્ધતિઓ પણ હોય છે.

અત્રે એ જણાવવું પણ આવશ્યક છે કે અલગ અલગ કેન્સરની વધવાની અને પ્રસરવાની ગતિ અલગ અલગ હોય છે, જેમ કે ઓટ સેલ કાર્સીનોમા જેવાં કેન્સરો અત્યંત ઝડપથી ઘાતક નીવડે છે જ્યારે બીજી બાજુ પ્રોસ્ટેટ ગ્લેન્ડનાં કેન્સર ખૂબ ધીમી વૃદ્ધિ ધરાવે છે અને ઘણી વખત એને પૂર્ણ રીતે વધી જવામાં દસથી વીસ વર્ષ નીકળી જાય છે !

કેન્સરની સારવાર પણ કેન્સર કયા પ્રકારનું છે, ક્યા ભાગમાં થયું છે, ક્યાં સ્ટેજમાં છે વગેરે પર આધારિત હોય છે. થોડું ડિટેઇલમાં જોઈએ તો;




**કેમોથેરાપી :** આમાં એવી દવાઓ આપવામાં આવે છે કે જે કેન્સરના કોષોને મારી નાખવા માટે સક્ષમ હોય છે પણ અન્ય તંદુરસ્ત કોષોને ઓછામાં ઓછું નુકસાન કરે છે.

**રેડિયોથેરાપી:** આમાં કેન્સરવાળા ભાગ ઉપર કોબાલ્ટ અને અન્ય પ્રકારનાં કિરણો ફેંકી અને કેન્સરગ્રસ્ત કોષોનો નાશ કરવામાં આવે છે.

હોર્મોન થેરાપીઃ અમુક કેન્સરોમાં અમુક ખાસ હોર્મોન્સની

સારવાર અપાતી હોય છે જેમ કે પ્રોસ્ટેટનું કેન્સર.

**સર્જરીઃ** ઓપરેશન કરીને કેન્સરગ્રસ્ત ભાગને કાઢી નાખવામાં આવે છે. સર્જરી તો જ કારગર નીવડે છે કે કેન્સરના કોષોએ ક્યાંક અન્ય જગ્યાએ જઈ, મેટાસ્ટેસીસ કરી અને બીજી ગાંઠ ઉત્પન્ન ન કરી હોય.

આ ત્રણ મુખ્ય પદ્ધતિઓને આવશ્યકતાનુસાર ભેગી પણ કરવામાં આવે છે.

આ સારવાર ઘણી વખત કેન્સરને કાયમ માટે સંપૂર્ણપણે મટાડી દઈ શકે છે, જો આમ ન બને તો જીવનનો સમય વધારી શકે છે અને છેલ્લે બાકી દર્દીને પીડામાં રાહત આપે છે.

મને લાગે છે કે આટલું પૂરતું છે, બાકી તો સત્ય એ છે કે આમ જો જોવા જઈએ તો કેન્સર એ રોગ નથી, એક પ્રક્રિયા છે, રૂઝાવાની નોર્મલ પ્રક્રિયા પરંતુ અહીં એનું સ્વરૂપ વિકૃત થઈ જાય છે. આ એક અકુદરતી છતાં કુદરતી પ્રક્રિયા છે તેથી એને કાબુમાં લેવી અત્યંત મુશ્કેલ છે પણ ચિત્ર પહેલાં કરતાં ઘણું સુધર્યું છે અને સુધરતું જાય છે. હજારો મેડિકલ વૈજ્ઞાનિકો સખત રીતે આની પાછળ પડેલા છે એટલે કેન્સરનું નિદાન કોઈને થાય તો હવે તો બસ ગયા જ, કેન્સર એટલે કેન્સલ જ એવો નિરાશાવાદ ધારણ કરવો અયોગ્ય છે.


**- આ લેખ વાંચ્યા પછી કોઈ મિત્ર તમાકુ - બીડી કે સિગરેટ બંધ કરશે કે અન્યને બંધ કરાવશે તો આ લેખ સાર્થક ગણાશે.**

અંતે એ જણાવું કે હું કોઈ ઓન્કોલોજીસ્ટ (કેન્સર સ્પેશ્યાલિસ્ય) નથી એટલે આ લેખમાં ઘણી અપૂરતી-અધૂરી બાબતો હશે, કેટલીક થોડી ભૂલભરેલી રજૂઆતો પણ શક્ય છે પરંતુ સામાન્ય વાંચકને આ લેખ કેન્સરને સમજવા માટે ઉપયોગી થશે એવી આશા છે. આટલો લાંબો લેખ ધ્યાનથી વાંચવા બદલ આભારી છું.

આપનાં સૂચનો આવકાર્ય છે.



- ડૉ પ્રણવ વૈદ્ય








# વિભાગ : ૬ શિક્ષણ : વિકાસનું પ્રથમ પગલું

## વ્યવસાયમાં AI : હવે 'કોડિંગ' કે 'અંગ્રેજી' જાણ્યા વગર બનો ટેકનોલોજીકલ એક્સપર્ટ !

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો




પ્રસ્તાવના : પાટીદાર સમાજની ઓળખ એટલે 'સમયની સાથે પરિવર્તન'. આપણે બળદગાડાથી ટ્રેક્ટર સુધી અને મુનીમજીના ચોપડાથી કોમ્પ્યુટર સુધીની સફર ખેડી છે. હવે સમય છે આ સફરમાં એક નવું પ્રકરણ ઉમેરવાનો – AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ).

ઘણા વેપારી મિત્રોને એક ખોટી માન્યતા છે કે "AI વાપરવા માટે તો અઘરું અંગ્રેજી આવડવું જોઈએ" અથવા "એ તો IT એન્જિનિયરનું કામ." પણ આજે હું તમને ખાતરી આપું છું કે જો તમને વોટ્સએપ વાપરતા આવડે છે, તો તમે તમારા ધંધામાં AI નો ઉપયોગ કરી શકો છો. સૌથી મહત્વની વાત એ છે કે AI હવે શુદ્ધ ગુજરાતી સમજે છે. તમે અંગ્રેજી કરતાં ગુજરાતીમાં વધારે સારી રીતે તમારી સમસ્યા સમજાવી શકશો.

ચાલો જોઈએ, કોડિંગ કે અંગ્રેજીના જ્ઞાન વગર તમે તમારા ધંધાને 'સ્માર્ટ' કેવી રીતે બનાવી શકો.

**૧. જાતે જ સોફ્ટવેર બનાવો (HTML Calculator)** –કોડિંગ વગર! દરેક ધંધાની ગણતરી અલગ હોય. કોઈને લોખંડનું વજન કાઢવું હોય તો કોઈને વ્યાજની ગણતરી. પહેલા આના માટે સોફ્ટવેર બનાવવા હજારો રૂપિયા ખર્ચવા પડતા. હવે તમે AI ને ગુજરાતીમાં કહો: "મારે સાદા વ્યાજની ગણતરી માટે ગુજરાતી લેબલ સાથેનું કેલ્ક્યુલેટર બનાવવું છે, મને તેનો HTML કોડ આપો." AI તમને તૈયાર કોડ આપશે. તેને માત્ર નોટપેડમાં કોપી-પેસ્ટ કરો એટલે તમારું પોતાનું સોફ્ટવેર તૈયાર!

**૨. ગૂગલ શીટ અને વોટ્સએપ :** ઓટોમેટિક મેસેજિંગ તમારી પાસે ૫૦૦ ગ્રાહકોનું લિસ્ટ એક્સેલમાં છે અને તમારે દિવાળીની ઓફર કે પેમેન્ટ રિમાઈન્ડર મોકલવું છે ? એક-એક મેસેજ ટાઈપ કરીને સમય ન બગાડો. AI ની મદદથી ગૂગલ શીટમાં એક નાનકડો કોડ ઉમેરી શકાય છે (જે AI જ તમને લખી આપશે), જેનાથી શીટમાં રહેલા નામો અને નંબર પર ઓટોમેટિક વોટ્સએપ મેસેજ જતો રહેશે. કલાકોનું કામ મિનિટોમાં !

**3. QR કોડથી હાજરી (Smart Attendance)** ઓફિસ કે ફેક્ટરીમાં સ્ટાફની હાજરી પૂરવા માટે હવે મોંઘા બાયોમેટ્રિક મશીનની જરૂર નથી. તમે AI ને પૂછીને એક QR Code આધારિત સિસ્ટમ બનાવી શકો છો. સ્ટાફ આવીને પોતાના ફોનથી કોડ સ્કેન કરે એટલે સીધો ગૂગલ શીટમાં તેમનો આવવાનો સમય નોંધાઈ જાય. આ સિસ્ટમ મફતમાં બને છે અને ચોકસાઈ આપે છે.

**૪. ડેટા સાથે 'વાતો' કરો (Data Analysis)** તમારા આખા વર્ષના વેચાણના આંકડા તમારી પાસે છે પણ તેમાંથી કયો માલ નથી વેચાતો કે કઈ સીઝનમાં ધંધો વધે છે તે નથી સમજાતું ? હવે એક્સેલના અઘરા સૂત્રો ગોખવાની જરૂર નથી. તમારો ડેટા

Google Gemini માં અપલોડ કરો અને ગુજરાતીમાં પૂછો : "આ ડેટાનું એનાલિસિસ કર અને મને કહે કે કયા મહિનામાં સૌથી વધુ વેચાણ થયુ છે અને તેનો કલરફુલ ચાર્ટ બનાવી આપ." AI સેકન્ડોમાં તમને રિપોર્ટ આપી દેશે.

**૫. વિઝિટિંગ કાર્ડ્સમાંથી ડેટા એન્ટ્રી (Visiting Card Scanner)** એક્ઝિબિશનમાંથી આવ્યા બાદ ઢગલો વિઝિટિંગ કાર્ડ્સ જોઈને કંટાળો આવે છે ? હવે ૪-૫ કાર્ડના ફોટા એકસાથે પાડીને AI ને મોકલો અને કહો: "આ ફોટામાંથી નામ, કંપની અને મોબાઈલ નંબર કાઢીને મને કોષ્ટક (Table) બનાવી આપ." તમારો ડેટા એન્ટ્રીનો સમય બચી જશે અને કોઈ ભૂલ પણ નહીં થાય.

**૬. અંગ્રેજી નથી આવડતું ? ચિંતા નહીં ! (Professional Emails)** ઘણીવાર આપણે ધંધામાં પાવરધા હોઈએ પણ સામેવાળી પાર્ટીને અગ્રેજીમાં કડક ઈમેલ કરવાનો હોય ત્યારે અટકી જઈએ. હવે ચિંતા છોડો. AI ને તમારી કાચી-પાકી ભાષામાં કહો : "સામેવાળી પાર્ટીનું પેમેન્ટ ૨ મહિનાથી બાકી છે, તેમને કડક પણ વિવેકપૂર્ણ અંગ્રેજીમાં ઈમેલ લખી આપ." AI એકદમ પ્રોફેશનલ ભાષામાં ઈમેલ લખી આપશે જે વાંચીને સામેવાળા પર તમારી સારી છાપ પડશે.

**૭. ફોટો પરથી વેચાણ (Product Listing)** તમે કોઈ નવી પ્રોડક્ટ બનાવી છે અને તેને IndiaMART કે Amazon પર મૂકવી છે ? તેનું વર્ણન (Description) લખવા માટે કોઈ રાઈટર શોધવાની જરૂર નથી. બસ તમારી પ્રોડક્ટનો ફોટો AI ને બતાવો અને કહો : "આના ઓનલાઇન વેચાણ માટે આકર્ષક લખાણ લખી આપ." AI ફોટો જોઈને જ તેના ફીચર્સ ઓળખી લેશે અને શાનદાર જાહેરાત તૈયાર કરી આપશે.

- **વિશેષ નોંધ :** ગુજરાતી ભાષા - તમારી તાકાત છે મિત્રો, AI એ માત્ર એક મશીન છે, પણ તે હવે આપણી માતૃભાષા શીખી ગયું છે. અંગ્રેજીમાં પ્રશ્ન પૂછવા જતાં ઘણીવાર આપણે જે કહેવું હોય તે બરાબર કહી શકતા નથી. તેના બદલે હવે ગુજરાતીમાં જ પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખો. જ્યારે તમે તમારી ભાષામાં વિચારો છો અને પૂછો છો, ત્યારે જવાબ પણ સચોટ મળે છે.
- **એક જીવંત ઉદાહરણ (Live Example) :** આ ટેકનોલોજી કેટલી સચોટ છે તેનો સૌથી મોટો પુરાવો આ લેખ પોતે જ છે ! તમે હાલ જે લેખ વાંચી રહ્યા છો, તેના વિચારો અને માળખું AI ને માહિતી આપીને તૈયાર કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, જો તમે આ લેખનું ઓડિયો વર્ઝન (પોડકાસ્ટ) સાંભળી રહ્યા હોવ, તો તે અવાજ પણ કોઈ માણસનો નહીં, પણ AI દ્વારા જ બનાવવામાં આવ્યો છે.

  જો AI એક આખો લેખ લખી શકતું હોય અને માણસની જેમ બોલી શકતું હોય, તો વિચારો કે તમે તમારા ધંધામાં કેટલું પરિવર્તન લાવી શકે છે !
- **નિષ્કર્ષ :** ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે 'ડીગ્રી'ની નહીં પણ 'દ્રષ્ટિ'ની જરૂર છે. આજના સ્પર્ધાત્મક યુગમાં જે વેપારી AI ને પોતાનો મિત્ર બનાવશે, તે ચોક્કસ આગળ નીકળશે. તો ચાલો, આજે જ આપણા સ્માર્ટફોનનો સાચો ઉપયોગ શરૂ કરીએ !







-ચિરાગ ધનજીભાઈ પટેલ
મો. 9824241288

## વિભાગ : ૭ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

# ખેતી, વેપાર અને ઉદ્યોગ ધંધા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ઉદ્યોગની અંદર સફળ થવું અઘરું નથી

આજે હું આપની સામે ઉદ્યોગની અંદર સફળ થવું અઘરું નથી વિષય પર મારા વિચારો રજૂ કરવા જઈ રહ્યો છું - જે માત્ર વર્તમાન માટે નહીં, પરંતુ આપણા સમાજ અને આવનારી પેઢીઓ માટે અત્યંત મહત્વનો વિષય છે.

મિત્રો, આજના સમયમાં માત્ર નોકરી પર આધાર રાખવો પૂરતો નથી. નોકરી માન-આદર અને સ્થિરતા આપે છે, પરંતુ ઉદ્યોગ અને સ્વરોજગાર સમાજને આત્મનિર્ભર બનાવે છે. જ્યારે એક વ્યક્તિ ઉદ્યોગ શરૂ કરે છે, ત્યારે તે માત્ર પોતાનું નહીં, પરંતુ અનેક લોકોનું જીવન સુધારે છે. રોજગારી સર્જાય છે, આવક વધે છે અને સમાજ વિકાસના માર્ગ પર આગળ વધે છે. આ રીતે ઉદ્યોગ સમાજના વિકાસનું મજબૂત સાધન બને છે.

દરેક સફળ વેપારી ક્યારેક નવો વેપારી હતો. શરૂઆતમાં ડર, અચોક્કસતા અને પડકારો આવવા સ્વાભાવિક છે. શરૂઆતના દિવસોમાં ગ્રાહકો ઓછા હોય, નફો મર્યાદિત રહે અથવા નુકસાન પણ થાય - પરંતુ આ બધું નિષ્ફળતા નહીં, અનુભવ અને શીખવાની પ્રક્રિયા છે. જે વેપારી આ તબક્કામાં ધીરજ રાખે છે, એ જ ભવિષ્યમાં મજબૂત પાયા પર ઊભો રહે છે.

આવનારી પેઢીઓ માટે ઉદ્યોગ એક નવી દિશા છે. નવી ટેકનોલોજી, નવી વિચારસરણી અને નવી તકો સાથે આજનો યુવાન પોતાના સપનાઓને હકીકતમાં ફેરવી શકે છે. જો યોગ્ય શિક્ષણ, કુશળતા અને માર્ગદર્શન મળે, તો ઉદ્યોગમાં સફળ થવું અઘરું નથી. નવો વેપારી હોવાનો અર્થ એ નથી કે તમે ઓછા છો - પરંતુ એ દર્શાવે છે કે તમારી પાસે શીખવાની અને આગળ વધવાની સૌથી વધુ શક્યતા છે.

સફળ ઉદ્યોગ માટે માત્ર નફો જ નહીં, પરંતુ નૈતિક મૂલ્યો પણ એટલાં જ જરૂરી છે. ઈમાનદારી, ગુણવત્તા, પર્યાવરણની સંભાળ અને સામાજિક જવાબદારી - આ બધું ઉદ્યોગને લાંબા ગાળે સફળ બનાવે છે. ટૂંકા લાભ માટે કરેલી ગેરરીતિઓ કદાચ તરત નફો આપે, પરંતુ લાંબા ગાળે તે વેપારને નુકસાન કરે છે. સમાજને ફાયદો થાય તેવો ઉદ્યોગ જ સાચી સફળતા કહેવાય.

નવા વેપારીઓ માટે આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારધારા ખૂબ મહત્વપૂર્ણ છે. "હું કરી શકું છું" એવો વિશ્વાસ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તમને આગળ વધવા પ્રેરિત કરે છે. લોકો શું કહેશે તે વિચારમાં અટકી જશો તો આગળ નહીં વધી શકો. દરેક સફળ ઉદ્યોગપતિએ શરૂઆતમાં શંકાસ્પદ નજરો સહન કરી છે, પરંતુ પોતાના કામ પર વિશ્વાસ રાખ્યો છે.

આજે સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓ, તાલીમ અને લોનનો યોગ્ય ઉપયોગ કરીને યુવાનો ઉદ્યોગમાં આગળ વધી શકે છે. સમાજ, શિક્ષણ સંસ્થાઓ અને સરકાર - સૌ મળીને જો પ્રયત્ન કરે, તો આવનારી પેઢીઓ માટે મજબૂત અને આત્મનિર્ભર ભવિષ્ય ઘડી શકાય.

અંતમાં હું એટલું જ કહેવા માંગું છું કે -

ઉદ્યોગની અંદર સફળ થવું અઘરું નથી,

જો વિચાર સકારાત્મક હોય.

મહેનત સતત હોય

અને લક્ષ્ય સ્પષ્ટ હોય.

આવો, આપણે સૌ મળીને એવો સમાજ બનાવીએ,

જેમાં આવનારી પેઢીઓ આત્મનિર્ભર, સશક્ત અને સફળ બને.

- રોહિત પટેલ



# વિભાગ : ૮ પ્રેરણાત્મક સાહિત્ય

## આનંદ ત્યાં ઈશ્વર અને દુર્ભાગ્ય કે સદ્‌ભાગ્ય

### આનંદ ત્યાં ઈશ્વર

યહૂદી પ્રજા શનિવારને અઠવાડિયાનો છેલ્લો દિવસ ગણે છે. તે દિવસે કામ નહીં કરવાનું, રજા રાખવાની. પહેલાંના સમયમાં તો એ દિવસે યહૂદીઓ આનંદપ્રમોદ કરતા. પણ સમય વીતતો ગયો તેમ તેમ જુદા જુદા ધર્મગુરુઓ 'સબ્બાથ' અથવા તો રજાના એ દિવસે જાત જાતની ક્રિયાઓ અને વિધિવિધાન પાળવાના નિયમો દાખલ કરતા ગયા. એ નિયમો પાળવામાં કોઈ ચૂકે તો તેને ઈશ્વર સજા કરશે એવા ફતવા પણ એમણે કાઢ્યા. એનું પરિણામ એ આવ્યું કે લોકો નિયમ પ્રમાણેની ક્રિયાઓમાં જ અટવાઈ ગયા. ભૂલેચૂકે કોઈક નિયમનો ભંગ થઈ જશે એવા ડરથી બધા ઘરમાં જ ગોંધાઈ રહેવા લાગ્યા. આમોદપ્રમોદનો ખ્યાલ અદૃશ્ય થઈ ગયો.

રજાના દિવસે લોકો આનંદ કરવાને બદલે સોગિયા થઈ ઘરમાં બેસી રહેતા. એ જોઈને એક સુધારાવાદી ધર્મગુરુને આશ્ચર્ય થયું. આ વિષયમાં તેમણે ઘણો વિચાર કર્યો, એક રાતે તેમને સપનું આવ્યું. સપનામાં ઈશ્વરના દૂત આવ્યા અને ધર્મગુરુને સ્વર્ગમાં લઈ ગયા. સ્વર્ગમાં ધર્મગુરુએ સિંહાસન જેવી સુશોભિત બે ખુરશીઓ જોઈ, બંને ખુરશીઓ ખાલી હતી. ધર્મગુરુએ દેવદૂતને પૂછ્યું, 'આ બે ખુરશીઓ કોને માટે છે ?' દેવદૂતે કહ્યું, 'એક ખુરશી જેને માટે છે તેનું સરનામું તને આપું છું. તેને જઈને મળજે. તેને મળ્યા પછી તું બુદ્ધિપૂર્વક વર્તીશ તો બીજી ખુરશી તારે માટે.'

પછી દેવદૂત ધર્મગુરુને નરક જોવા લઈ ગયા. ત્યાં પણ બે ખુરશીઓ ખાલી હતી. આ ખુરશીઓ કોને માટે છે તે વિશે ધર્મગુરુએ દેવદૂતને પૂછ્યું. તેમાંની એક ખુરશી જેને માટે હતી તેનું સરનામું દેવદૂતે ધર્મગુરુને આપ્યું અને કહ્યું, 'એને મળજે અને મળ્યા પછી તું બુદ્ધિ નહીં વાપરે તો બીજી ખુરશી તારા માટે.'

સ્વર્ગમાં જેને સ્થાન મળવાનું હતું તેને ધર્મગુરુ મળ્યા. એ માણસ બિનયહૂદીઓ વચ્ચે રહેતો હતો અને શનિવારે બિનયહૂદીઓ સાથે મળી ખૂબ મોજમજા કરતો હતો. ધર્મગુરુએ તેને શનિવારે આનંદપ્રમોદ કરવાનું કારણ પૂછ્યું, તેણે જવાબ આપ્યો, 'હું નાનો હતો ત્યારે મારી બા શનિવારે સારું સારું ખાવાનું બનાવતી અને આજુબાજુવાળાઓને ઉજાણી કરવા નોતરી મજા કરાવતી. મેં એ શિરસ્તો ચાલુ રાખ્યો છે.'

તે પછી ધર્મગુરુ જેનું સ્થાન નરકમાં ખાલી હતું તેને જઈને મળ્યા. આ માણસ શનિવારના નિયમોનું ચુસ્ત પાલન કરતો હતો. રખેને કોઈ નિયમનો ભંગ થઈ જાય એ માટે તે સતત ધ્યાન રાખતો હતો. એને કારણે એ ચિંતા અને વ્યગ્રતામાં જીવતો હતો.

સપના ઉપરથી ધર્મગુરુ સમજ્યા. સાત્ત્વિક આનંદ છે ત્યાં સ્વર્ગ છે. નિયમોની ગુલાબી છે ત્યાં ભય અને વ્યગ્રતા છે. ધર્મગુરુએ બુદ્ધિ વાપરી, નિરર્થક નિયમોની આળપંપાળ ફગાવી આનંદપ્રમોદમાં જીવવાનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

'આનંદ છે ત્યાં ઈશ્વર છે.' ખોટા નિયમોને કારણે ભય અને વ્યગ્રતા છે તે જ નરક છે.

### દુર્ભાગ્ય કે સદ્‌ભાગ્ય

ચીનની એક લોકકથા છે. એક ઘરડો ખેડૂત હતો. એની પાસે એના જેવો જ એક ઘરડો ઘોડો હતો. એ ઘરડો ઘોડો ખેડૂત માટે બહુ ઉપયોગી હતો. ઘોડા વડે ખેડૂત એનું ખેતર ખેડતો અને જે અનાજ ઊપજે તેમાંથી નિર્વાહ ચલાવતો.

એક દિવસ ખેડૂતનો ઘોડો તબેલામાંથી નાસી ગયો. ઘોડો ડુંગરાઓમાં અદૃશ્ય થઈ ગયો. આડોશપાડોશના લોકોને ખેડૂત માટે બહુ સહાનુભૂતિ થઈ. એક પછી એક સૌ ઘરડા ખેડૂત પાસે ગયા અને આશ્વાસન આપવા માંડ્યા : 'બહુ ખોટું થયું... હવે ખેતર કેવી રીતે ખેડશો ? તમારા પર મોટું દુર્ભાગ્ય આવી પડ્યું.'

ખેડૂત સમતાથી કહેતો, 'થયું તે થયું. સારું શું ને નરસું શું ? કોને દુર્ભાગ્ય ગણવું અને કોને સદ્‌ભાગ્ય કહેવું એની કોને ખબર છે ?'

અઠવાડિયા પછી ખેડૂતનો ઘોડો પાછો આવ્યો. એની સાથે એ જંગલી ઘોડાઓનું ટોળું લઈ આવ્યો હતો. પાડોશીઓએ હવે ખેડૂતને અભિનંદન આપ્યા. તેમણે તેમનો આનંદ વ્યક્ત કર્યો અને ઘરડા ખેડૂતને કહ્યું કે તે

સદ્‌ભાગી છે. ઘરડા ખેડૂતે પહેલાંની જેમ જ કહ્યું, 'ભાઈઓ, શાનો આનંદ મનાવવો અને શાનું દુઃખ લાગડવું એ કોણ કહી શકે એમ છે ? કઈ બાબતને સદ્‌ભાગ્ય કહેવું અને કઈ બાબતને દુર્ભાગ્ય ગણવું એ કહી શકાય એવું નથી.'

થોડો સમય ગયો ને ઘરડા ખેડૂતનો છોકરો જંગલી ઘોડાને પલોટતાં ઘોડા ઉપરથી પડી ગયો. તેના પગનું હાડકું ભાંગી ગયું. પાડોશીઓ દુઃખ વ્યક્ત કરવા આવ્યા : 'અરેરે, જુવાન છોકરાનો પગ ભાંગી ગયો. કેવું દુર્ભાગ્ય ? હવે તો બેએક મહિનાનો ખાટલો !' ઘરડા ખેડૂતે તો પોતાની એ જ વાત દોહરાવી, 'કોને ખબર આની પાછળ શો સંકેત હશે. આ સદ્‌ભાગ્ય છે કે દુર્ભાગ્ય તે તો કાળના ગર્ભમાં છુપાયેલું છે. વખત જતાં જ ખબર પડશે.'

એટલામાં રાજ્યને પાડોશી રાજ્ય સાથે યુદ્ધ થયું. રાજાએ રાજ્યમાંના બધા સશક્ત યુવાનોને સૈન્યમાં ભરતી કરવા પોલીસોને મોકલ્યા. પોલીસો ઘરડા ખેડૂતને ત્યાં પણ આવ્યા. ખેડૂતનો પુત્ર યુવાન હતો તેથી સામાન્ય સંજોગોમાં ભરતી કરવામાં આવ્યો હોત, પણ તેનો પગ ભાંગ્યો હતો તેથી તે પથારીવશ હતો. આથી તેને ભરતીને લાયક ગણવામાં ન આવ્યો. આમ ઘરડા ખેડૂતનો છોકરો બચી ગયો.

માણસ તરતનું પરિણામ જ જુએ છે. ભાવિના ગર્ભમાં શુભ કે અશુભ શું સમાયેલું હશે તેનો વિચાર કરતો નથી. સુખ લાગે ત્યારે છકી જાય છે, દુઃખ દેખાય ત્યારે ઈશ્વરને ગાળો આપે છે. ખરેખર તો સમતા રાખવી જોઈએ. સદ્‌નસીબમાંથી બદનસીબ અને બદનસીબમાંથી સદ્‌નસીબ એમ દુર્ભાગ્ય અને સદ્‌ભાગ્યનું ચક્ર તો ચાલ્યા જ કરે છે.

*(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)*

# વિભાગ : ૯ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
સંકલન

**તા. ૧૫-૧૨-૨૦૨૫, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા**

**શ્રી ઉમિયા માતાજી મંદિર બહુચરાજી પાટોત્સવ :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત ઉમિયાધામ-બહુચરાજીમાં શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ દર વર્ષે ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવે છે. તા. ૨૫-૧૧-૨૦૨૫ ના રોજ પણ પરંપરાને અનુસરી બહુચરાજીમાં શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ ઊજવાયો. પાટોત્સવનો પ્રારંભ સવારે માતાજીની આરતી અને પૂજાથી થાય છે. તે દરમિયાન મંત્રોચ્ચાર, શ્રદ્ધાપૂર્વક પાટોત્સવની વિશેષ પૂજા કરવામાં આવે છે. મંદિરમાં વિવિધ કાર્યક્રમો તથા માતાજીની શોભાયાત્રાનો કાર્યક્રમ પણ ઊજવાય છે. જેમાં આ દિવસે હજારો ભક્તો મંદિર પર આવીને માતાજી પાસેથી આશીર્વાદ લે છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના બહુચરાજી કમિટીના ચેરમેનશ્રી, કારોબારી સભ્યશ્રીઓ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

**મધ્યપ્રદેશ નર્મદા કાંઠે વસેલા નાભિ સ્થળ નેમાવરમાં મા ઉમિયાની પ્રતિષ્ઠા :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા વિઝન-૨૦૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ સંકલ્પ અંતર્ગત મધ્યપ્રદેશના નર્મદા કાંઠે વસેલા નાભિ સ્થળ નેમાવર શહેરમાં પાટીદાર સમાજ દ્વારા આયોજીત કૂળદેવી શ્રી ઉમિયા માતાજી અને મા નર્મદાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૩-૧૧-૨૦૨૫થી તા. ૨૯-૧૧-૨૦૨૫ સુધી સુંદર આયોજન કરવામાં આવ્યું. હજારો ભાવિક ભક્તો નર્મદાઘાટ ઉપર એકત્ર થયા હતાં ત્યાંથી માતાઓ-બહેનોએ પોતોના માથા ઉપર કળશ મૂકી કળશ યાત્રા બે કિ.મી. લાંબી શોભાયાત્રા નીકળી હતી. પાટીદાર સમાજનું ગામ જેઓ એ ભવ્ય મંદિર નિર્માણ કર્યું. આ મંદિર નિર્માણ થકી પાટીદાર સમાજનું પ્રેરણા અને પ્રોત્સાહનનું કેન્દ્ર બની રહેશે. આ મંગલકારી પ્રસંગમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સહમંત્રીશ્રી વસંતભાઈ ચોક્સી, સહમંત્રીશ્રી મહેન્દ્રભાઈ પટેલ (વકીલ), ઉમિયા પરિવાર સંગઠનના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ મહિલા સંગઠનના ચેરમેન શ્રીમતી ડૉ. જાગૃતિબેન, ઊર્મિલાબેન તેમજ મધ્યપ્રદેશના કારોબારી સભ્યશ્રીઓ તેમજ ઉમિયા પરિવાર સંગઠનના સભ્યો હાજર રહ્યા હતા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં ચાલતી ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓ વિશે સૌને અવગત કર્યા.

**ઉમિયા મેડીકલ સ્ટોર્સ :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા તરફથી ઊંઝા નગર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના તેમજ મા ઉમિયાના દર્શનાર્થે પધારનાર ભક્તોને આરોગ્ય ક્ષેત્રે ઉપયોગી થવાના આશયથી ઉમિયા મેડીકલ સ્ટોર્સ, નહિ નફો કે નહીં નુકસાનના ધોરણે ચલાવવામાં આવે છે. જેમા ૨૨ ટકા ડિસ્કાઉન્ટથી દવાઓ આપવામાં આવે છે. મોટી સંખ્યામાં યાત્રાળુઓ લાભ લે છે સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષમાં કુલ ૨૨ ટકા ડિસ્કાઉન્ટ પ્રમાણે મેડીકલ સ્ટોર્સના માધ્યમથી યાત્રિકો અને નગરજનોને આશરે રૂપિયા પચાસ લાખનો લાભ થયો. આપ સૌને ઉમિયા મેડીકલ સ્ટોરનો લાભ લેવા વિનંતી છે. આ સ્ટોરનો સમય સવારે ૮-૦૦થી બપોરે ૧-૦૦ અને બપોરે ૩-૦૦થી સાંજના ૬-૩૦ નો છે. મેડીકલ કમિટીનાના ચેરમેનશ્રી ગોપાલભાઈ પટેલ અને તેમની ટીમ સુંદર આયોજન કરી રહી છે.

**શ્રી ઉમિયા માતાજી - ઊંઝા સાહિત્ય કેન્દ્ર :**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા દ્વારા યાત્રિકોમાં ભક્તિભાવ કેળવાય, નવી પેઢી તેમાં જોડાય, સુવાચન માટે ધાર્મિક પુસ્તકો, ભજન - ગીતોની કેસેટ, પેનડ્રાઈવ તથા ડી.વી.ડી. વગેરેનું વેચાણ થાય છે. તેમાં કડવા પાટીદાર ઉત્પતિ અને ઇતિહાસ એ ઐતિહાસિક માહિતી સભર પુસ્તક દરેકે વાંચવા લાયક છે. માતાજીના નાની મોટી સાઈઝના વિવિધ ફોટા પણ મળે છે. આપના ઘરમાં માતાજીનો ફોટો એ આસ્થા અને

શ્રધ્ધાનું ઘરેણું છે. સાહિત્ય સ્ટોરમાં ચાંદીની હૂંડીઓ, ચાંદીના ફોટા, પંચધાતુની મૂર્તિઓ, કિચન, સ્ટીકર્સ, બોલપેન, માતાજીનાં તોરણો તથા ગીફ્ટની આઈટમો વગેરે સામગ્રી મળે છે. સાહિત્ય વેચાણ કેન્દ્રમાં માતાજીને ચડાવેલ સાડીઓ ૨૦ ટકા ડિસ્કાઉન્ટથી મળે છે. સાહિત્ય કેન્દ્રના ચેરમેનશ્રી નિલેશભાઈ પટેલ અને તેમની ટીમ સારો રસ ધરાવે છે.

**ઊંઝામાં ઉમિયા માતાજીને છપ્પન ભોગનો અન્નકૂટ ધરાવાયો :**

ઊંઝામાં બિરાજમાન કડવા પાટીદાર કુળદેવી અને જગત જનની મા ઉમિયાને આંગણે સંવત ૨૦૩૩ માં ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજાવામાં આવ્યો હતો. પાટીદાર સમાજમાં સામાજિક ક્રાંતિના બીજ જેમાં રોપાય એવા મહોત્સવમાં લાખો ભક્તો મા ઉમિયાના દર્શન માટે ઊંઝા પધાર્યા હતાં. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. દેશ-વિદેશમાં વસતા કડવા પાટીદારો અને શ્રધ્ધાળુઓ આ મહોત્સવમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ મહોત્સવની પૂર્ણાહુતિની યાદગીરી રૂપે પરંપરા મુજબ દર વર્ષે માગશર સુદ - ૮ના દિવસે શ્રી ઉમિયા માતાજીને છપ્પન ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવે છે. આ વખતે પણ ૪૯ મો અન્નકુટ તા. ૨૮-૧૧-૨૦૨૫ના રોજ ભરાયો માતાજીના અન્નકૂટમાં મંદિર ખાતે શરણાઈ અને ઢોલીના તાલ સાથે બહેનો દ્વારા તાંબાના તાસમાં વિવિધ અન્નકૂટની પ્રસાદી મીઠાઈઓ, ફરસાણ, ફ્રૂટ વગેરે સવારે ૧૦:૧૫ કલાકે મંદિરની પાંચ પ્રદક્ષિણા કરી, સવારે ૧૧-૦૦ કલાકે માતાજીને અન્નકુટ ધરાવ્યા બાદ પૂજા વિધિ અને આરતી કરવામાં આવી. બપોરે ૩-૦૦ વાગ્યા સુધી માતાજીના અન્નકૂટ દર્શનનો લાભ સૌ ઉમા ભક્તોએ લીધો. તે પછી અન્નકૂટનો મહાપ્રસાદ દર્શને આવેલા દરેક ભક્તોને વહેંચવામાં આવ્યો. આ પ્રસંગમાં સંસ્થાનના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ (બી.જે.પી.) માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ હાજર રહ્યા હતાં. અન્નકૂટનું સુંદર રીતે આયોજન દેવસ્થાન કમિટીના ચેરમેન ગોવિંદભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. અન્નકૂટની મિઠાઈ અને ફરસાણના દાતાશ્રી જયહિન્દ સ્વીટ-અમદાવાદ હ.શ્રી અજીતભાઈ અને તેમના પરિવારનો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ખૂબ ખૂબ આભાર માને છે. મા ઉમિયાની કૃપા સદાય આપના પરિવાર ઉપર બની રહે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

**ઊંઝામાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત ભોજનાલય**

શ્રી ઉમિયા માતાજી સંસ્તાન-ઊંઝાના મંદિર પરિસરમાં ભોજનાલયમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને શ્રેષ્ઠ ગુણવત્તાવાળું પરંપરાગત ગુજરાતી ભોજન પ્રદાન કરે છે. જેથી માતાજીના દર્શન માટે આવતા ભક્તોને શ્રેષ્ઠ ભોજન મળી શકે છે. અહીં તમને પરંપરાગત ગુજરાતી થાળી મળે છે. જેમાં સવારે બે પ્રકારના શાક, દાળ, ભાત, રોટલી, પૂરી, પાપડ, છાશ અને રાત્રે ખીચડી-કઢી ભાખરી શાક, પાપડ પ્રસાદ સ્વરૂપે આપવામાં આવે છે. પરંતુ માતાજીની પૂનમ અને તહેવારો દરમિયાન મિષ્ઠાન સાથે ભોજન આપવામાં આવે છે અને આ દિવસો દરમિયાન ભોજનાલયનો સમય વધારો પણ થઈ શકે છે. યાત્રિકો માટે આરામદાયક અને સ્નેહભર્યા અને પવિત્ર વાતાવરણને અનુરૂપ ખૂબ જ શાંતિપૂર્ણ આધુનિક સાધનોથી સજ્જ ડાઈનીંગ હોલવાળું ભોજનાલય છે. આ ભોજનાલય આશરે ૪૦ વર્ષ પહેલાંના આયોજનવાળું હોવા છતાં સમય પ્રમાણે સુધારા કરી યાત્રિકોને સગવડ આપવાનો પ્રયાસ કરીએ છીએ અને નવિન અદ્યતન ભોજનાલય બનાવ્યાં હોદ્દેદારશ્રીઓ, ભોજનાલય કમિટી અને અનેક કાર્યકરોની સક્રિય મહેનતથી ગત વર્ષે આશરે ૧૦ લાખ યાત્રિકોએ ભોજન પ્રસાદનો લાભ લઈ સંતોષ અનુભવ્યો છે. ભોજનાલય કમિટીના ચેરમેનશ્રી જયંતિભાઈ પટેલ અને તેમની ટીમ ખૂબ જ સુંદર કામ કરે છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

*"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના"*

**॥ જય શ્રી ઉમિયા ॥**



ઊંઝા હાઈવે પરનું ઉમાપુરમ્ સર્કલ

# શ્રી ઉમિયા ચંદ્રક કાર્યક્રમ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો




દેવાધીદેવ પ્રભુ શિવજીના અર્ધાંગીની અખંડ સ્વરુપા કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા નવમ શ્રી ઉમિયાચંદ્રક કાર્યક્રમ તા. ૨૧-૧૨-૨૦૨૫ રવિવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યોદવામાં આવ્યો. ૠષિકેશભાઈ પટેલ કેબિનેટ મંત્રીશ્રી, ગુજરાત રાજય ડૉ. હર્ષદ એ. પટેલ કુલપતિ ગુજરાત વિદ્યાપીઠ, શ્રી પ્રકાશભાઈ પટેલ ચેરમેનશ્રી એસ. કે. યુનિ. વગેરે મહેમાનશ્રીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. હરીભાઈ પટેલ સસંદ સભ્યશ્રી, મુકેશભાઈ પટેલ મહેસાણા ધારાસભ્યશ્રી, કિરીટભાઈ પટેલ ઊંઝા ધારાસભ્યશ્રી, સંસ્થાના ટ્રસ્ટ્રશ્રીઓ, દાતાશ્રીઓ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખશ્રી બાબુભાઈ જે. પટેલ, માનદમંત્રીશ્રી, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હાજર રહ્યા. શ્રી ઉમિયા ચંદ્રક કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન - શિક્ષણનિધિના વાઈસ ચેરમેનશ્રી ભરતભાઈ એન. પટેલે કર્યું.

શ્રી ઉમિયા ચંદ્રક એવોર્ડ દ્વારા સંઘર્ષ, તનતોડ મહેનત, સમર્પિતતાના ભાવથી અદ્વિતીય સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગૌરવવંતા ૧૨૨ દિકરા-દિકરીઓનું ભવ્ય સન્માન કડવા પાટીદાર સમાજના પરિવારો દુનિયાના ૧૩૨ દેશમાં વસવાટ કરી રહ્યા છે. ગૌરવવંતા ૧૨૨ દિકરા દિકરીઓને શ્રી ઉમિયા ચંદ્રક એનાયત કરી સન્માનિત કરવાનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો છે. જેમાં ઈસરોના એક યુવા વૈજ્ઞાનિક, ગુજરાતની એકમાત્ર ઈન્ટર્નેશનલ બોંક્સીંગ ખેલાડી ૧૯ વર્ષની દિકરી, આંતરરાષ્ટ્રીય કક્ષાએ અન્ડર ૧૯ ક્રિકેટ રમનાર કચ્છનો ખમીરવંતો દિકરો, રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર બે ડીવાયયએસપી, એક પ્રીન્સીપાલ, એક આર્મીનામેજર, પીએચડી એમફીલ કરનાર ત્રણ દિકરા દિકરી, એન્જીનીયરંગી, સીએ, મેડિકલક્ષેત્રે, એમફાર્મ સહિતની ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરનાર દિકરા દિકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો. કડવા પાટીદાર સમાજના અન્ય દિકરા દિકરીઓને તનતોડ મહેનત કરવાની પ્રેરણા મળે, તેમનામાં આત્મવિશ્વાસ, સમર્પિતતાનો ભાવ કેળવાય અને સફળતા મેળવવાની પ્રેરણા મળે તે માટે શ્રી ઉમિયા ચંદ્રકથી સન્માનિત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આઠ જેટલા શ્રી ઉમિયા ચંદ્રક દ્વારા કાર્યક્રમ અંતર્ગત ૭૮૭ દિકરા દિકરીઓને સન્માનિત કરાયા છે. આજના સન્માન સમારોહમાં ૧૨૨ દિકરા દિકરીઓને નવમ શ્રી ઉમિયા ચંદ્રક અર્પણ કર્યા, અત્યાર સુધીમાં ૯૦૯ દિકરા-દિકરીઓ સન્માનિત કરાયા.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ધાર્મિક કાર્યો ઉપરાંત વ્યસન



મુક્ત, દર્દીઓની સેવા, વિધવા સહાય પેન્શન, તેજસ્વી દિકરા દિકરીઓને ઉચ્ચ શિક્ષણ સહાય, ઉદ્યોગ સાહસિક બનવા માંગતા ટેલેન્ટેડ દિકરા દિકરીઓને માર્ગદર્શન જેવી અનેકવિધ સામાજીક પ્રવૃત્તીઓ કાર્યરત છે. શ્રી ઉમિયા ચંદ્રક દ્વારા સન્માનિત કરવાનો ઉદ્દેશ એ છે કે કડવા પાટીદાર સમાજના દિકરા દિકરીઓની કુળદેવી ઉમિયા માતાજી પ્રત્યેની શ્રધ્ધા, આસ્થા અને વિશ્વાસ અતુટ બની રહે. આજે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો છે. તેવા સમયે દિકરા દિકરીઓ આપણી ભવ્યાતિભવ્ય અમુલ્ય ધાર્મિક મુલ્યોને જાળવવા પ્રેરીત બની રહે. સામાજીક પરંપરાઓને જીવંત રાખે, પારિવારીક લાગણીઓ વધે, કડવા પાટીદાર સમાજ પ્રત્યે લાગણીથી જોડાયેલા રહે. સામાજીક મુલ્યોની ભવ્યતા સમજે અને સામાજીક રીતે જોડાયેલા રહે, પાટીદાર સમાજના દરેક દિકરાઓ સાથે લાગણીના સંબંધોથી જોડાય, સમાજ પ્રત્યેની ફરજ ને સમજી શકે તેવા અનેકવિધ ઉચ્ચ વિચાર, આદર્શો, સ્વાભિમાની બને, દેશના સર્વોચ્ચ નાગરીક બનીને દેશ સેવા કરવા પ્રેરીત બને તે માટે ધાર્મિક કાર્યક્રમો સંસ્થા દ્વારા યોજવામાં આવે છે. અમેરીકા, કેનેડા, બ્રીટન, ઓસ્ટ્રેલીય, આફ્રિકા જેવા ૧૩૨ દેશમાં કડવા પાટીદારો સ્વમાન, સ્વાભિમાન સાથે સતત પ્રગતી કરી રહ્યા છે. સમાજના સુખી સંપન્ન અને ધનાઢ્ય પરિવારના દાનેશ્વરી દાતાઓ સમાજ માટે પ્રેરણાદાયી કાર્યો માટે દાનનો ધોધ સતત વહાવી રહ્યા છે, જે ધન્યવાદને પાત્ર છે.

અત્યંત મહત્વપુર્ણ બાબત એ છે કે ઉમિયા માતાજી સંસ્થાન માત્ર પાટીદાર સમાજ માટે જ નહીં પણ કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક સમાજના ઉત્કર્ષ માટે અનેકવિધ કાર્યો કરી રહી છે. ઉમિયા માતાજીના દર્શન કરવા માટે તમામ જ્ઞાતી,



સમાજના શ્રધ્ધાળુઓ આવે છે. મા ઉમિયા માતાજીના ચરણોમાં શિશ ઝુકાવી ધન્ય ધન્ય બની રહ્યા છે. સામાજીક સમરસતાનું આટલું ઉત્કર્ષ ઉદાહરણ કદાચ દેશની બીજી કોઈ ધાર્મિક સંસ્થામાં જોવા નહીં મળે.

ગાંધીવાદી વિચારસરણીથી ઘડાયેલ શિક્ષણવિદ્, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ એ. પટેલે આ પ્રસંગે શિક્ષણ અંગે નવી ટેકનોલોજી, એ.આઈ સહિત માહિતી પર પૂરી પાડી અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અમદાવાદમાંશ્રી ઉમિયા યુનિવર્સિટી બનાવવા ઉપર ભાર મૂક્યો.

શ્રી ઉમિયા ચંદ્રક કાર્યક્રમમાં સંસ્થાના વસંતભાઈ ચોક્સીએ આભારવિધિ કરી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ, ટ્રસ્ટ્રીશ્રીઓ, તમામ કમિટીના હોદ્દેદારો, ઉમા સેવક સેવીકાઓ, સ્વયંસેવકો ધન્યવાદને પાત્ર છે જેમણે નિઃશ્વાર્થ ભાવે સમર્પિતતાના ભાવથી સેવા કરીને દરેક કાર્યક્રમોને સફળ બનાવી રહ્યા છે તે બધાનો સંસ્થા વતી આભાર માન્યો. ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ.






## વિભાગ - ૧૦ ડિસેમ્બર-૨૦૨૫ માસની દાન સંહિતા

## દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

### દાન સંહિતા

| દાતાનું નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|
| ભાવીનકુમાર વ્યાસ | મુંબઈ | ૧૧,૧૧૧.૦૦ |
| ઉમંગ નરેશભાઈ પટેલ | અમદાવાદ | ૫૧,૦૦૦.૦૦ |
| મીત પટેલ | નારદીપુર | ૫૧,૦૦૦.૦૦ |
| નીતાબેન કે. પટેલ | ગાંધીનગર | ૧૧,૦૦૦.૦૦ |
| શ્રી ઉમિયા કારટેજ | સુરત | ૫૩,૦૦૦.૦૦ |
| સ્વ.ચંદુભાઈ રામજીભાઈ પટેલ | સુરત | ૨૧,૦૦૦.૦૦ |
| કુળદેવી પરીવાર | આણંદ | ૧૧,૦૦૦.૦૦ |
| જય બાબુભાઈ પટેલ | અમદાવાદ | ૨૫,૦૦૦.૦૦ |
| અર્પિત પટેલ | વિજાપુર | ૧૦,૦૦૦.૦૦ |
| જીતેન્દ્રભાઈ મગનભાઈ હજારી | સુરત | ૧૧,૦૦૧.૦૦ |
| રિધ્ધી સિધ્ધી પેકેજીંગ | ઉદેપુર | ૧૫,૦૦૦.૦૦ |
| પટેલ અરવિંદકુમાર અંબાલાલભાઈ | બુટાપાલડી | ૧૫,૦૦૦.૦૦ |
| પાર્થ રમણીકભાઈ પટેલ | ભુજ | ૪૦,૦૦૦.૦૦ |
| શ્રી ઉમિયા ટાઈલ્સ એન્ડ કેમીકલ | સુરત | ૧૧,૧૧૧.૦૦ |
| શૈલેષભાઈ પટેલ | નડિયાદ | ૧૧,૦૦૦.૦૦ |
| મનહરભાઈ પરશુભાઈ પટેલ | માંગરોલ | ૫૧,૦૦૧.૦૦ |
| મહેન્દ્રભાઈ એચ. પટેલ | આબાપુરા | ૧૧,૦૦૦.૦૦ |
| નીશીત પટેલ | અમદાવાદ | ૧૧,૧૧૧.૦૦ |
| રૂષીકુમાર શર્મા | જામનગર | ૧૫,૦૦૦.૦૦ |
| શ્રીજી ટાઈલ્સ | બાલોદ | ૧૧,૦૦૦.૦૦ |
| યમુના ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી | મુંબઈ | ૧૧,૦૦૦.૦૦ |
| જયકુમાર ભરતભાઈ પટેલ | ઉનાવા | ૧,૦૦,૦૦૦.૦૦ |
| રોલ સ્ટોન | રાયપુર | ૧૪,૬૦૦.૦૦ |
| નૈસગી જીતેન્દ્રકુમાર પટેલ | અમદાવાદ | ૧૧,૦૦૦.૦૦ |
| પ્રકાશ પટેલ | અમદાવાદ | ૧૫,૦૦૦.૦૦ |
| મીત પટેલ | મુંબઈ | ૧૧,૦૦૦.૦૦ |
| જયેશભાઈ સુરેશભાઈ પટેલ | પૂના | ૨૧,૦૦૦.૦૦ |
| દિપક કાન્તિભાઈ દીવાણી | કોઈમ્બાતોર | ૧૦,૦૦૦.૦૦ |
| કામીનીબેન કિરીટકુમાર લાડીયા | મુંબઈ | ૧૦,૦૦૦.૦૦ |

**શિક્ષણ સહાયક નિધિ**

| | | |
|---|---|---|
| નીશા નરેન્દ્ર પટેલ | મુંબઈ | ૨૫,૦૦૦.૦૦ |
| કામધેનુ ક્યોરી વર્કસ | વડાગ્રામ | ૨૫,૦૦૦.૦૦ |

**અખંડ ઘી ના દીવા ભેટ**

| | | |
|---|---|---|
| ડાહ્યાલાલ ભાણજી ઉકાણી | કચ્છ | ૧૧,૦૦૦.૦૦ |
| મનવર વિપુલકુમાર દલાભાઈ | ગણેશપુરા | ૫,૧૦૦.૦૦ |

**વસ્તુ-દીવા**

| | | |
|---|---|---|
| ક્રિષવી પ્રેક્ષા મિહિર નાકરાણી | મુંબઈ | ૯,૮૦૦.૦૦ |

**અન્નદાન**

| | | |
|---|---|---|
| જીજ્ઞેશ પટેલ | મહેસાણા | ૬,૫૦૦.૦૦ |
| સ્વ.માતૃશ્રી જમનાબેન જીવરાજભાઈ | રાયપુર | ૧૦,૦૦૦.૦૦ |

પટેલ (શ્રી ઉમિયા શરણમ્ મમ્ મંત્ર લેખનબુક દાતા)

**સોના-રૂપા દાગીના (વસ્તુ)**

| | | |
|---|---|---|
| ડૉ. નટવરલાલ હિરાલાલ પટેલ | હિંમતનગર | ૧,૧૭,૦૦૦.૦૦ |

**અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા**

| | | |
|---|---|---|
| શ્રી એસોસીયેટ | બેંગ્લોર | ૧૭,૦૦૦.૦૦ |
| લક્ષ્મીબેન રતીલાલ પટેલ | ખદલપુર | ૩૦,૦૦૦.૦૦ |
| હરેશભાઈ પટેલ | અમદાવાદ | ૨૦,૦૦૦.૦૦ |
| પટેલ ચંદુભાઈ હીરલાલ | પાદરા | ૧૫,૦૦૦.૦૦ |
| સ્વ.ચંદુભાઈ હિરાલાલ પટેલ | પાદરા | ૧૫,૦૦૦.૦૦ |
| સ્વ.અનસુયાબેન શાન્તિલાલ પટેલ | અમદાવાદ | ૧૫,૦૦૦.૦૦ |

**પૂનમ ચા દાતાશ્રી**

| | | |
|---|---|---|
| શ્રી એસોસીયેટ | બેંગ્લોર | ૧૫,૦૦૦.૦૦ |
| પટેલ પ્રતિક રાજેન્દ્રભાઈ | ઈસનપુર મોટા | ૭,૫૦૦.૦૦ |
| લક્ષ્મીબેન રતીલાલ પટેલ | ખદલપુર | ૨૦,૦૦૦.૦૦ |
| પટેલ પ્રતિક રાજેન્દ્રભાઈ | ઈસનપુર મોટા | ૭,૫૦૦.૦૦ |

**વિધવા ત્યક્તા સહાય નિધિ દાતા**

| | | |
|---|---|---|
| પટેલ કેતનભાઈ બાબુલાલ | લાખવડ | ૫૧,૦૦૦.૦૦ |
| અનંત મેટકોન એલએલપી | મુંબઈ | ૫૧,૦૦૦.૦૦ |

(૧૨ વર્ષ માટે)

| | | |
|---|---|---|
| કાયમી પ્રસાદ ફંડ | વ્યક્તિ - ૬ | ૩૦,૬૦૦.૦૦ |
| કાયમી સદાવ્રત કોર્પસ ફંડ | વ્યક્તિ - ૫ | ૨૫,૫૦૦.૦૦ |
| કાયમી થાળ કોર્પસ ફંડ | વ્યક્તિ-૧૦ | ૫૧,૧૦૦.૦૦ |

કાયમી હવન ફંડ (૧૨ વર્ષ માટે)

| | | |
|---|---|---|
| સ્વ.પટેલ દ્વારકાભાઈ સોમભાઈ નુંગરા | સુરત | ૩૧,૦૦૦.૦૦ |
| મનવર વિપુલકુમાર દલાભાઈ | ગણેશપુરા | ૩૧,૦૦૦.૦૦ |
| સોનીયા અમીન પટેલ | અમદાવાદ | ૩૧,૦૦૦.૦૦ |

**આરોગ્ય સહાય કોર્પસ ફંડ**

| | | |
|---|---|---|
| પટેલ સન્તી મુકેશકુમાર | લાખવડ | ૫૧,૦૦૦.૦૦ |
| પટેલ જિજ્ઞેષ વિનોદભાઈ | અમદાવાદ | ૫૦,૦૦૦.૦૦ |
| રમણભાઈ સામજીભાઈ પટેલ | વડોદરા | ૨૦,૦૦૦.૦૦ |

# ધન્યવાદ







**લવાજમના નાણા ઓનલાઈન પણ સ્વીકારવામાં આવે છે.**

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

**લવાજમ રૂા. ૨૦૦૦** (૫ વર્ષ માટે)
**લવાજમ રૂા. ૩૦૦૦** (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

## ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ
## ડિસેમ્બર -૨૦૨૫

**લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)**

| | |
|---|---|
| અમૃતભાઈ નરોત્તમભાઈ પટેલ | મહેસાણા |
| નિતીનચંદ્ર ભીખાલાલ પટેલ | મહેસાણા |
| પટેલ કલ્પેશભાઈ નટવરલાલ | મહેસાણા |
| જયંતિભાઈ શંભુભાઈ પટેલ | મહેસાણા |
| કેતનકુમાર અમરતભાઈ પટેલ | ગાંધીનગર |
| પટેલ પ્રહલાદભાઈ રામજીભાઈ | મહેસાણા |
| જીતેન્દ્રકુમાર અંબાલાલ પટેલ | મહેસાણા |
| આશાબેન પ્રેમજીભાઈ પટેલ | સાબરકાંઠા |
| પટેલ દિનેશભાઈ પરસોતમદાસ | મહેસાણા |
| પટેલ આનંદીબેન અશ્વિનભાઈ | મહેસાણા |
| પટેલ અરવિંદકુમાર આત્મારામ | અમદાવાદ |
| પટેલ મનીષકુમાર બાબુલાલ | મહેસાણા |
| પટેલ જયેશકુમાર મણીલાલ | મહેસાણા |
| ભોગીલાલ ત્રિકમલાલ પટેલ | બરોડા |
| કૌશિકકુમાર રસિકલાલ પટેલ | મહેસાણ |
| શૈલેષકુમાર કાન્તિલાલ પટેલ | મહેસાણા |
| નવીનચંદ્ર કાશીરામ પટેલ | મહેસાણા |
| રાકેશભાઈ શંકરલાલ પટેલ | મહેસાણા |
| નીતીનભાઈ ડાહ્યાભાઈ પટેલ | અમદાવાદ |

**ડીસેમ્બર-૨૦૨૫ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૧૦૧૬ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.**

**શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત**
**ડીસેમ્બર ૨૦૨૫- માસમાં ૨૫ લગ્ન + ૧૨ ફુલહાર લગ્ન કુલ - ૩૭ લગ્ન થયાં.**

**મિત્રો,**

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી


દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી
સુસજ્જ ડેન્ટલ ક્લિનીક
Avdhoot
Dental & Implant Clinic
Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College
& Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092
Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery
& Implantology)
Professor (Narsinhbhai Patel Dental
College & Hospital, Visnagar)
M. 9824115092
Reception Area
Consulting Room
Speciality Treatment Area
Treatment Area
સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ
In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના
એક્સ-રેની સુવિધા
Intra Oral Scanner
દાંતનું માપ લેવાની
કમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિ
Dental Implant Supported
Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું
બેસાડવાની સુવિધા.
Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા
Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું
Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની
જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા
Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર
Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર
Extraction
દાંત/દાઢ પાડવાની તથા
ડહાપણની દાઢની સારવાર
Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો
સચોટ ઈલાજ
Pedodontist
નાના બાળકોના દાંતની
તમામ સારવાર
Laser Dentistry
ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પ્લેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm
ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm




# સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

# ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)


JP HOSPITAL
ROBOTIC JOINT REPLACEMENT CENTRE
ROBOTIC PRECISION
HUMAN EXPERTISE
6500
થી વધુ
સર્જરીનો
અનુભવ
જેપી હોસ્પિટલ બન્યું રોબોટિક સેન્ટર
અદ્યતન CORI રોબોટ દ્વારા ઘૂંટણ, થાપા તથા
ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટની સર્જરી
રોબોટિક પદ્ધતિ દ્વારા થાય છે.
Implant Planning
CORI by
Smith+Nephew
USA
એપોઇન્ટમેન્ટ નંબર :
+91 63526 94101 / 100
ડો. જય પટેલ (ઊંઝાવાળા)
Robotic Joint Replacement Surgeon
501-508, Grace Business Park, Sagar Sangit Cross Roads,
Nr. Shaleen Hospital, Sola, Ahmedabad-380060
સૌજન્ય :
માર્ટિન ગ્રેશર

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month



# નવી દિશા... નવા વિચાર...



## સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજના અમલમાં
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- રાહત દરે ફિઝીયોથેરાપી સેન્ટર
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનું કામ પ્રગતિમાં
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારમાં ક્ષય રોગના દર્દીઓને રાશન તથા પ્રોટીન કીટનુ વિતરણ.

**જય સહકાર... જય કિસાન...**

દિનેશભાઈ પટેલ
ચેરમેન

ભર્તિકાબેન પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી

વિષ્ણુભાઈ પટેલ
વા. ચેરમેન



**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા**

If undelivered please return to below address

**'ઉમિયા જ્યોત' કાર્યાલય**
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by DILIPBHAI MANILAL PATEL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by DAVE DHAVAL KIRTIKUMAR Gujarat Offset Pvt Ltd Offset House, Station Road, Vatva, Ahmedabad-382 440 and Published from Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near Bhagwat Vidyapith, S.G. Highway, Sola, Ahmedabad-380 060. Editor - JETHABHAI PATEL